**AKR**

**PROVISIONAL ANSWER KEY**

| | |
|---|---|
| **Name of The Post** | **Child Development Project Officer (Female), , Women and Child Development Department Class-2** |
| **Advertisement No** | **06/2019-20** |
| **Preliminary Test Held On** | **22-12-2019** |
| **Que. No.** | **001-300 (General Studies & Concerned Subject)** |
| **Publish Date** | **24-12-2019** |
| **Last Date to Send Suggestion (S)** | **02-01 -2020** |

# Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted Physically in prescribed format of suggestion sheet.

(2) Question wise suggestion to be submitted in the prescribed format of Suggestion Sheet published on the website.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key, published herewith on the website. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet /response sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question shall be made on separate Suggestion sheet. Objection for more than one question in single Suggestion sheet shall not be considered & treated as cancelled.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(૧) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે.

(૨) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(૩) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(૪) માસ્ટર પ્રશ્નપત્ર માં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહીં.

(૫) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહીં.

(૬) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

001. નીચેના વાક્યો ચકાસો :-

1. ભારતનું ભૌગોલિક સ્થાન ઉત્તર ગોળાર્ધમાં 8° થી 37° ઉત્તર અક્ષાંશો વચ્ચે આવેલ છે. દેશની મધ્યમાંથી કર્ક વૃત્ત પસાર થાય છે.

2. દક્ષિણ ભારતની ત્રણેય બાજુએ સમુદ્રો આવેલાં છે. તેથી કિનારાની પાસે ઠંડી અને ગરમી ઓછી પડે છે.

3. વિસ્તારની દૃષ્ટિએ દુનિયાના દેશોમાં ભારતનુ સ્થાન સાતમું છે.

(A) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.
(B) 1, 2 વાક્યો યોગ્ય છે.
(C) 2 અને 3 વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 3 વાક્યો યોગ્ય છે.

002. સને 2011નાં સેન્સસ મુજબ ગુજરાતમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કેટલાં ટકા (%) લોકો રહે છે ?

(A) 57.4 અને 42.6
(B) 42.6 અને 57.4
(C) 31.1 અને 68.9
(D) 68.9 અને 31.1

003. ભારતમાં 2011ના સેન્સસ મુજબ સૌથી વધારે સેક્સ રેશીયો (1000 પુરૂષોની સામે સ્ત્રીઓની સંખ્યા) કયા રાજ્યનો સૌથી વધારે અને કયા રાજ્યનો સૌથી ઓછો છે ?

(A) કેરળ અને હરીયાણા
(B) કેરળ અને પંજાબ
(C) પંજાબ અને છત્તીસગઢ
(D) છત્તીસગઢ અને મીઝોરામ

004. ભારતમાં માસિક માથાદીઠ આવક કેટલા રૂા. અંદાજવામાં આવેલ છે ? (નાણાકીય વર્ષ 2019)

(A) 10,534 રૂા.
(B) 11,534 રૂા.
(C) 12,534 રૂા.
(D) 13,534 રૂા.

005. વૈશ્વિક સ્પર્ધાત્મકતા અનુક્રમણિકા (Global Competitiveness Index Report 2019) મુજબ ભારત કયા ક્રમે છે ?

(A) 51
(B) 58
(C) 68
(D) 78

006. ખનીજ ઉત્પાદન/પ્રક્રિયા કરતુ એકમ અને સંબંધીત મંત્રાલયના જોડકાઓ પૈકી કયુ જોડકુ યોગ્ય નથી ?

(A) નેશનલ મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. (NMDC Ltd. જુનુનામ) – સ્ટીલ મંત્રાલય

(B) નેશનલ એલ્યુમીનીયમ કંપની લી. – ખાણ મંત્રાલય (Mines)

(C) હિંદુસ્તાન કૉપર – ભારે ઉદ્યોગો સંબંધીત મંત્રાલય

(D) જી.એમ.ડી.સી. (GMDC) – ગુજરાત સરકાર હસ્તક

007. ગુજરાતના તળાવો અને તેના સ્થાનોને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. હમીરસર તળાવ | a. મહેસાણા |
| 2. લખોટા તળાવ | b. વડોદરા |
| 3. સુરસાગર તળાવ | c. જામનગર |
| 4. થોળ (Thol) તળાવ | d. ભુજ (કચ્છ) |

(A) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(B) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(C) 1 - b, 2 - a, 3 - d, 4 - c
(D) 1 - a, 2 - b, 3 - c, 4 - d

008. ભારતના બંદરો (Ports) અને સંબંધીત રાજ્યના જોડકાઓ પૈકી કઈ જોડીઓ યોગ્ય છે ?

1. કલકત્તા પોર્ટ – પશ્ચિમ બંગાળ (West Bengal)

2. પારાદીપ પોર્ટ – ઓડીશા

3. કોચીન પોર્ટ – તામીલનાડુ

4. કામરાજ પોર્ટ – કેરલા

(A) 1, 2 અને 3 યોગ્ય છે.
(B) 1 અને 3 યોગ્ય છે.
(C) 1, 2 યોગ્ય છે.
(D) 1, 2, 3 અને 4 યોગ્ય છે.

009. 15 ઑગષ્ટ 2019 ના રોજ કેટલામો સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવેલ હતો ?

(A) 71મો
(B) 72મો
(C) 73મો
(D) 74મો

010. કેન્દ્ર શાસિત પ્રદેશો અને તેની રાજધાની ના જોડકાઓ પૈકી કઈ જોડીઓ યોગ્ય નથી ? (1 નવેમ્બર 2019ના રોજ)

(A) અંદામાન, નિકોબાર આયલેન્ડ – પોર્ટ બ્લેયર (Port Blair)

(B) દાદરાનગર હવેલી – દમણ

(C) લડાખ – લેહ (Leh)

(D) લક્ષદ્વિપ – કવરતી (Kavarati)

011. નીચેના વાક્યો ચકાસો :

1. મોર (Peacock) એ ભારતનુ રાષ્ટ્રીય પક્ષી છે.

2. કમળ (Lotus) એ ભારતનું રાષ્ટ્રીય ફૂલ છે.

3. "ફીકસ બેંગાલેન્સીસ" ("ભારતીય અંજીરનું વૃક્ષ"/વડનું વૃક્ષ) એ ભારતનું રાષ્ટ્રીય વૃક્ષ છે.

4. ભારતનું કેલેન્ડર 'શક સંવત (Saka Era)' આધારીત છે.

(A) માત્ર 1, 2 અને 3 વાક્યો સાચાં છે.
(B) માત્ર 2, 3 અને 4 વાક્યો સાચાં છે.
(C) માત્ર 1, 3 અને 4 વાક્યો સાચાં છે.
(D) 1, 2, 3 અને 4 બધાજ વાક્યો સાચાં છે.

012. નીચેના સ્થાપત્યો (Monuments) અને તેના સ્થળોની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) બહાઈ મંદિર, (કમળ આકારનુ મંદિર) – નવી દિલ્હી

(B) દેલવાડાના મંદિરો – માઉન્ટ આબુ

(C) બૌદ્ધ ઐતિહાસિક સ્મારકો – સાંચી (Sanchi)

(D) બૃહદિશ્વરા મંદિર (Brihadisvara Temple) – પુડુચેરી (Puducherry)

013. નીચેના વાક્યો તપાસો.

1. ભારતીય માનવ વિજ્ઞાન સર્વેક્ષણ (Anthropological Survey of India) નું વડુ મથક કલકત્તામાં છે.

2. UNESCO (યુનીસ્કો દ્વારા ભારતમાં કુલ 32 સ્થાનોને 'વર્લ્ડ હેરીટેજ' (World Heritage)નો દરજ્જો આપેલ છે. જ્યારે દુનિયામાં કુલ 981 સ્થળોને આ દરજ્જો આપેલ છે.

(A) માત્ર 1 વાક્ય યોગ્ય છે.
(B) માત્ર 2 વાક્ય યોગ્ય છે.
(C) 1 અને 2 બંને વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.

014. નીચેના પૈકી કયા ગુજરાતી લેખકશ્રીને જ્ઞાનપીઠ પુરસ્કાર મળેલ છે ?

1. શ્રી ઉમાશંકર જોષી 2. શ્રી પન્નાલાલ પટેલ 3. શ્રી રાજેન્દ્ર શાહ 4. શ્રી રઘુવીર ચૌધરી

(A) 1, 2 અને 3 ને (B) 1, 3 અને 4 ને

(C) 2, 3 અને 4 ને (D) 1, 2, 3 અને 4 ને

015. ભારતનાં નૃત્યો અને સંબંધીત રાજ્યોની જોડીઓને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| 1. ભરત નાટ્યમ | a. આંધ્રપ્રદેશ |
| 2. કથ્થક | b. તામીલનાડુ |
| 3. કથ્થકલી | c. ઉત્તરપ્રદેશ |
| 4. કુચીપુડી | d. કેરલા |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d (B) 1 - d, 2 - a, 3 - b, 4 - c

(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b (D) 1 - b, 2 - c, 3 - d, 4 - a

016. ભારતીય સંગીતના ઘરાણા "Gharana" અને તેના ગાયકની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) ગ્વાલીયર (Gwalior) ઘરાણા – પંડીત વિષ્ણુ દીગંબર પલુસકર

(B) આગ્રા (Agra) ઘરાણા – ફૈયાઝ ખાન

(C) કિરાણા (Kirana) ઘરાણા – દિનકર કાકીણી

(D) જયપુર (Jaipur) ઘરાણા – કિશોરી આમેણકર

017. નીચેના પૈકી કયા મહાનુભાવ ચિત્રકાર (Painter) નથી ?

(A) શ્રી રાજા રવી વર્મા (B) શ્રી તૈયબ મહેતા

(C) શ્રી રવીન્દ્રનાથ ટાગોર (D) શ્રી રવી શંકર

018. ભારતના રમતવીરો અને તેઓની રમત/પ્રવૃત્તિની જોડીઓ પૈકી કઈ જોડીઓ યોગ્ય છે ?

1. સાનીયા મીર્ઝા – ટેનીસ

2. મેરી કૉમ – બૉક્સીંગ

3. સાયના નેહવાલ – બૅડમિંટન

4. ગીતા ફોગટ – તીરંદાજી

(A) 1, 2 અને 3 યોગ્ય છે. (B) 1, 2 અને 4 યોગ્ય છે.

(C) 2, 3 અને 4 યોગ્ય છે. (D) 1, 2, 3 અને 4 યોગ્ય છે.

019. ભારતના અગત્યના સ્થળો અને કિલ્લાઓની જોડ પૈકી કઈ જોડી યોગ્ય છે ?

1. મહેરાનગઢ ફોર્ટ (Meharangarh Fort) – જોધપુર

2. ગોલકોંડા ફોર્ટ (Golkonda Fort) – હૈદ્રાબાદ

3. ફત્તેપુર સીકી (Fatepur Sikri) – આગરા

4. અંબર ફોર્ટ (Amber Fort) – જયપુર

(A) 1, 2, 3 અને 4 બધા જ યોગ્ય છે. (B) 1, 2 અને 3 યોગ્ય છે.

(C) 1, 3 અને 4 યોગ્ય છે. (D) 2, 3 અને 4 યોગ્ય છે.

020. ગુજરાતના લેખકો અને તેઓની કૃતિ (લખાણ)ની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) આનંદશંકર ધ્રુવ – સાહિત્ય વિચાર

(B) કિશોરલાલ મશરૂવાળા – દ્વિરેફ વાતો

(C) ઝવેરચંદ મેઘાણી – સોરઠ તારા વહેતા પાણી

(D) જ્યોતીન્દ્ર હ. દવે – અમે બધા

021. ગુજરાતના કવિઓ અને તેઓના ઉપનામની કઈ જોડીઓ યોગ્ય છે ?

1. મણિશંકર રત્નજી ભટ્ટ – કાન્ત

2. સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ – કલાપી

3. ત્રિભોવનદાસ લુહાર – સુંદરમ્

4. પ્રહલાદ પારેખ – સ્વૈર વિહાર

(A) 1, 2, 3 અને 4

(B) 1, 2 અને 4

(C) 1, 2 અને 3

(D) 2, 3 અને 4

022. હિન્દી ભાષાના મહાન લેખકો અને તેઓની કૃતિઓની જોડીઓ પૈકી કઈ જોડ યોગ્ય નથી ?

(A) પ્રેમચંદ – નિર્મલા

(B) હરિવંશરાય બચ્ચન – મધુશાલા

(C) મહાદેવી વર્મા – યામા

(D) જયશંકર પ્રસાદ – તમસ

023. નીચેના પૈકી કયા મહાનુભાવ, અંગ્રેજીમાં લખાણ (અંગ્રેજી ભાષાના લેખક) કરતા નથી ?

(A) વિક્રમ શેઠ

(B) ચેતન ભગત

(C) મુલ્કરાજ આનંદ

(D) કાશીનાથ સિંહ

024. વૈદીક સાહિત્યમાં કઈ નદીનો ઉલ્લેખ કરવામાં આવે છે ?

(A) સીન્ધુ

(B) ગંગા

(C) સરસ્વતી

(D) કાવેરી

025. ગુપ્ત સમયમાં, ઉત્તર ભારતનો વેપાર કયા બંદર (Port) દ્વારા કરવામાં આવતો હતો ?

(A) ભરૂચ

(B) તામ્રલિપ્તિ (Tamralipti)

(C) કેમ્બે

(D) કલ્યાણ

026. અષ્ટ પ્રધાન મંડળ (Ashta Pradhan Mandal) કોના સમય દરમ્યાન કાર્યવંત હતું ?

(A) ગુપ્ત સામ્રાજ્ય દરમ્યાન

(B) ચોલા સામ્રાજ્ય દરમ્યાન

(C) વિજયનગર સામ્રાજ્ય દરમ્યાન

(D) મરાઠા સામ્રાજ્ય દરમ્યાન

027. કૃષ્ણની લીલાઓ દર્શાવતું કાવ્ય "પ્રેમ વાટીકા (Prem Vatika)"ના લેખક કોણ છે ?

(A) બીહારી (Bihari)

(B) મીરાબાઈ (Mirabai)

(C) રસખાન (Raskhan)

(D) સુરદાસ (Surdas)

028. 'ધરમતનું યુધ્ધ (Battle of Dharmat) કોના વચ્ચે થયેલ હતું ?

(A) મહંમદ ગઝની અને જયચંદ

(B) ઔરંગઝેબ અને દારા શિકોહ

(C) બાબર અને અફઘાન

(D) અહમદશાહ દુરાની અને મરાઠા

029. પ્રખ્યાત વિજય વિઠલ્લા મંદિર, કે જેને 56 કોતરણીવાળા થાંભલા છે (Pillars) અને દરેક થાંભલામાંથી અલગ સૂર નીકળે છે.

(A) બેલ્લુર (Belur)

(B) ભદ્રાચલમ (Bhadrachalam)

(C) હમ્પી (Hampi)

(D) શ્રીરંગમ્ (Srirangam)

030. બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા 1862ના સમયગાળામાં નીચેના પૈકી કઈ નવલકથા લખેલ હતી ?

(A) રસ્ટ ગોફતર (Rast Goftar)
(B) દુર્ગેશ નંદીની (Durgesh Nandini)
(C) મરાઠા (Maratha)
(D) બંગભંગ

031. સને 1922માં સરબંધી ચળવળ (ના કર ચળવળ - Not tax movement)માં નેતાગીરીની જવાબદારી કોની હતી ?

(A) ભગતસીંઘ
(B) ચીત્તરંજનદાસ
(C) સરદાર વલ્લભભાઈ પટેલ
(D) રાજગુરૂ

032. 1927માં રચવામાં આવેલ સાયમન કમિશનનો પ્રથમથી જ વિરોધ કયા કારણસર કરવામાં આવેલ હતો ?

(A) કમિશનમાં કોઈપણ ભારતીય ન હતો.
(B) કમિશને મુસ્લીમ લીગને તરફેણ કરવાનું શરૂ કરેલ.
(C) કોંગ્રેસની એવી માંગણી હતી કે ભારતને સ્વતંત્રતા આપવી જોઈએ.
(D) કમિશનના સભ્યોમાં મતભેદ હતા.

033. પ્રખ્યાત ચીત્તાગોંગ શસ્ત્રાગાર દરોડો (Chittagong Armoury Raid) કોના નેતૃત્વ હેઠળ પાડવામાં આવેલ હતો ?

(A) લક્ષ્મી સહેગલ (Laxmi Sehgal)
(B) સુર્યા સેન (Surya Sen)
(C) બટુકેશ્વર દત્ત (Batukeshwar Datt)
(D) જે. એમ. સેનગુપ્તા (J. M. Sengupta)

034. હાલમાં પ્રકાશિત “ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (Global Hunger Index)”માં ભારતને કયો ક્રમાંક આપવામાં આવેલ છે ?

(A) 103
(B) 102
(C) 100
(D) 97

035. કોઈપણ ભારત સરકારના જાહેર ક્ષેત્રને ‘મહારત્ન સ્થિતિ’ (Maharatna Status) મેળવવા કઈ બાબતો જરૂરી છે ?

1. “નવરત્ન સ્થિતિ” મેળવવી જરૂરી છે.
2. છેલ્લાં ત્રણ વર્ષમાં ટર્નઓવર (Turnover) રૂા. 25000 કરોડ કરતા વધારે હોવું જોઈએ.
3. છેલ્લા ત્રણ વર્ષમાં કરવેરા પછીનો નફો રૂા. 3000 કરોડ કરતા વધારે જોઈએ.
4. આંતરરાષ્ટ્રીય કારોબાર

(A) 1, 2, 3 અને 4 બાબતો
(B) 1, 2 અને 3 બાબતો
(C) 1, 2 અને 4 બાબતો
(D) 2, 3 અને 4 બાબતો

036. નીતિ આયોગ દ્વારા હાલમાં બહાર પાડવામાં આવેલ “નવીનતા ઈન્ડેક્સ” (Innovation Index (III) 2019) માં પ્રથમ ક્રમાંક કયા રાજ્યને આપવામાં આવેલ છે ?

(A) કર્નાટક
(B) તામીલનાડુ
(C) ગુજરાત
(D) મહારાષ્ટ્ર

037. ભીમ (BHIM - Bharat Interface for Money) અંગે નીચેના પૈકી કયું કથન યોગ્ય નથી ?

(A) ‘ભીમ’ને નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડીયા (NPCI) દ્વારા વિકસાવવામાં આવેલ છે.
(B) હાલમાં ‘ભીમ’ 2.0 શરૂ કરવામાં આવેલ છે જેમાં 13 ભાષાઓ ઉપરાંત ત્રણ નવી ભાષાઓનો સમાવેશ કરેલ છે.
(C) ‘ભીમ’ - ડીસેમ્બર 2017 થી શરૂ કરેલ છે.
(D) રીયલ ટાઈમ ફંડ ટ્રાન્સફર થાય છે.

038. ભારતમાં નાણા નીતિ (Fiscal Policy) કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે ?

(A) નીતિ આયોગ
(B) નાણા મંત્રાલય
(C) નાણા કમિશન
(D) રીઝર્વ બેંક ઑફ ઈન્ડીયા (RBI)

039. ભારતમાં હરિયાળી ક્રાંતિના પ્રણેતા કોણ હતા ?

(A) વર્ગીસ કુરીયન
(B) એચ. એમ. દલાયા
(C) એમ. એસ. સ્વામીનાથન
(D) ત્રિભોવનદાસ પટેલ

040. 2019માં અર્થશાસ્ત્ર અંગેનું "નોબલ પ્રાઈઝ" કોને એનાયત કરવામાં આવેલ છે ?

(A) ડૉ. અમર્ત્ય સેન
(B) અભિજીત બેનર્જી અને અન્ય
(C) અબી અહમદ અલી
(D) પીટર હેન્ડકી

041. "ટૂંકા ગાળાની ધિરાણ પોલીસી" સામાન્ય રીતે કેટલા સમયની હોય છે ?

(A) 3 મહિના
(B) 6 મહિના
(C) 12 મહિના
(D) 24 મહિના

042. નીચેના પૈકી કઈ સંસ્થા RBIની પેટા સંસ્થા (subsidiary) નથી ?

(A) નેશનલ હાઉસીંગ બેંક
(B) સીડબી
(C) નાબાર્ડ
(D) ભારતીય રીઝર્વ બેંક નોટ મુદ્રણ પ્રા. લીમીટેડ

043. "ઓપન માર્કેટ પોલીસી" એ શાની સાથે સંકળાયેલ છે ?

(A) ખેતીવાડી સંબંધીત પોલીસી (Agriculture Policy)
(B) ડીપોઝીટ પોલીસી (Deposit Policy)
(C) ડેબીટ પોલીસી (Debit Policy)
(D) ક્રેડીટ પોલીસી (Credit Policy)

044. નીચેના પૈકી કઈ ખેત પેદાશ ભારતના નિકાસ (export) માં અગ્રગણ્ય ભાગ ભજવે છે.

(A) ચા (Tea)
(B) ચોખા (Rice)
(C) કઠોળ
(D) મસાલા (Spices)

045. ભારતના સંવિધાનના આમુખમાં કયા સંવિધાનના સુધારાથી અમુક બાબતો ઉમેરવામાં આવેલ હતી ?

(A) 39
(B) 40
(C) 41
(D) 42

046. ભારતના સંવિધાન મુજબ સંસદમાં કોનો સમાવેશ થાય છે ?

1. માન. રાષ્ટ્રપતિ 2. રાજ્યસભા 3. લોકસભા 4. વિધાનસભા

(A) 1, 2, 3 અને 4
(B) 1, 2 અને 4
(C) 1, 2 અને 3
(D) 1, 3 અને 4

047. ભારતના સંવિધાનમાં જે હક્કો આપવામાં આવેલ છે તેનો અમલ કરાવવા માટેના ઉપાયો, કઈ કલમ (આર્ટીકલ)માં દર્શાવવામાં આવેલ છે ?

(A) 30
(B) 31
(C) 32
(D) 33

048. શોષણ સામેનો હક્ક, કે જેમાં નાના બાળકોને કારખાના કે ખાણમાં કામે રાખવા સામે મનાઈ કરવામાં આવેલ છે, તે જોગવાઈ ભારતના સંવિધાનમાં કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 18 (B) 22

(C) 24 (D) 26

049. ભારતના સંવિધાનની કલમ 51 A માં કઈ બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) ન્યાયતંત્રને કારોબારી તંત્રથી અલગ કરવા બાબત

(B) મૂળભૂત ફરજો

(C) સમાન ન્યાય અને મફત કાનૂની સહાય

(D) સાંસ્કારિક અને શૈક્ષણિક હક્કો

050. "રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો કોઈ ન્યાયાલયથી અમલ કરાવી શકાશે નહીં છતા આ સિદ્ધાંતો દેશના વહીવટમાં મૂળભૂત છે અને કાયદો કરતી વખતે આ સિદ્ધાંતો લાગુ પાડવાની રાજ્યની ફરજ છે." આ જોગવાઈ ભારતના સંવિધાનની કઈ કલમમાં / આર્ટિકલમાં દર્શાવેલ છે ?

(A) 30 (B) 34

(C) 37 (D) 42

051. "સંઘના સંરક્ષણ દળોનું સર્વોપરી આધિપત્ય રાષ્ટ્રપતિમાં નિહિત થશે અને તેના અમલનું નિયમન કાયદાથી થશે." આ જોગવાઈ કયા આર્ટિકલમાં કરવામાં આવેલ છે ?

(A) 52 (B) 53 (2)

(C) 54 (1) (D) 55 (2)

052. નીચેના વાક્યો ચકાસો :-

1. રાજ્યના રાજ્યપાલને રાષ્ટ્રપતિ પોતાના સહી સિક્કાવાળા આદેશપત્રથી નીમશે.

2. રાજ્યપાલ રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

3. ભારતના નાગરિક અને 35 વર્ષની ઉમર પૂરી કરી હોય, તેવી વ્યક્તિને રાજ્યપાલ તરીકે નીમવા માટે પાત્ર ગણવામાં આવશે.

(A) 1 અને 2 વાક્ય યોગ્ય છે. (B) 2 અને 3 વાક્ય યોગ્ય છે.

(C) 1 અને 3 વાક્ય યોગ્ય છે. (D) 1, 2 અને 3 વાક્ય યોગ્ય છે.

053. એટર્નીજનરલનાં હોદ્દાની મુદત અને મહેનતાણું કોણ નક્કી કરે છે ?

(A) માન. રાષ્ટ્રપિત (B) માન. ઉપરાષ્ટ્રપતિ

(C) માન. વડા પ્રધાન (D) માન. કાયદામંત્રી

054. નીતિ આયોગની રચના કઈ રીતે કરવામાં આવેલી છે ?

(A) બંધારણમાં જરૂરી ફેરફાર કરીને (B) સંસદના કાયદા હેઠળ

(C) કંપની એક્ટ હેઠળ (D) કેન્દ્રીય મંત્રિમંડળના ઠરાવથી

055. પંચાયતોની સત્તા, અધિકાર અને જવાબદારીઓની જોગવાઈ, ભારતનાં બંધારણની કઈ કલમમાં દર્શાવેલ છે ?

(A) 243-A (B) 243-G

(C) 243-D (D) 243-K

056. પંચાયતી રાજની સંસ્થાઓની ચૂંટણી કોણ કરે છે ?

(A) જીલ્લા વિકાસ અધિકારીશ્રી
(B) સચીવશ્રી, પંચાયત વિભાગ
(C) જીલ્લા કલેક્ટરશ્રી
(D) રાજ્ય ચૂંટણી કમિશન

057. નીચેના વાક્યો ચકાસો :

1. નાણા આયોગની જોગવાઈ કલમ 285 માં કરવામાં આવેલી છે.

2. સામાન્ય સંજોગોમાં નાણા આયોગની મુદત પાંચ વર્ષ હોય છે.

3. માન. રાષ્ટ્રપતિશ્રી અધ્યક્ષ અને 4 સભ્યોની નીમણુંક કરે છે.

(A) 1, 2, 3 વાક્યો યોગ્ય છે.
(B) 1 અને 2 વાક્યો યોગ્ય છે.
(C) 2 અને 3 વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 3 વાક્યો યોગ્ય છે.

058. "ચૂંટણી વિષયક બાબતમાં ન્યાયાલયોની દરમિયાનગીરી ઉપર પ્રતિબંધ" અંગેની જોગવાઈ, ભારતના બંધારણની કઈ કલમ હેઠળ કરવામાં આવેલી છે ?

(A) 327
(B) 329
(C) 331
(D) 333

059. રાજ્યના સેવા આયોગના પગાર, ભથ્થા અને અન્ય ખર્ચાઓ કોના ખાતે ઉધારવામાં આવે છે ?

(A) સામાન્ય વહીવટ વિભાગની ગ્રાન્ટ સામે
(B) બજેટમાં અલગ રીતે દર્શાવવામાં આવે છે.
(C) કેન્દ્ર સરકાર દ્વારા 100% સહાયની સામે
(D) રાજ્ય સરકારના એકત્રિત ફંડ ખાતે

060. નીચેના વાક્યો ચકાસો :

1. કેન્દ્રીય સતર્કતા આયોગની પ્રથમ સ્થાપના 1964 માં થયેલ હતી. 2003 ના વર્ષમાં સંસદ દ્વારા કાયદો બનાવીને, આયોગની રચના કરેલ હતી.

2. આયોગમાં ચેરમેનશ્રી અને મહત્તમ બે વિજીલન્સ કમિશ્નરશ્રીઓની નિમણુંક કરી શકાય છે.

(A) 1 અને 2 વાક્યો યોગ્ય છે.
(B) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.
(C) માત્ર 1 વાક્ય યોગ્ય છે.
(D) માત્ર 2 વાક્ય યોગ્ય છે.

061. તા. 4-12-1995, તા. 1-1-1996 તા. 29-1-1996, તા. 26-2-1996, આ પછીની તારીખ કઈ હશે ?

(A) 24-3-1996
(B) 25-3-1996
(C) 26-3-1996
(D) 27-3-1996

062. AZ, CX, FU, ............ ખાલી જગ્યામાં કઈ જોડી હશે ?

(A) JQ
(B) KP
(C) IR
(D) IV

063. Mouse is to cat
Fly is to ............ ખાલી જગ્યા પુરો.

(A) rat
(B) animal
(C) spider
(D) horse

064.

| | | |
|---|---|---|
| | 16 | |
| 9 | 18 | 25 |
| | 36 | |

| | | |
|---|---|---|
| | 64 | |
| 25 | 18 | 1 |
| | 16 | |

| | | |
|---|---|---|
| | 64 | |
| 9 | 18 | 1 |
| | (?) | |

( ? ) ખાલી જગ્યા પુરો.

(A) 4 (B) 16

(C) 25 (D) 36

065.

| | |
|---|---|
| 2 | 6 |
| 80 | 24 |

| | |
|---|---|
| 3 | (?) |
| 120 | 36 |

( ? ) ખાલી જગ્યા પુરો.

(A) 7 (B) 8

(C) 9 (D) 10

066. $x_1 + x_2 + x_3$ નું સરેરાશ મુલ્ય 14 છે. $x_2$ અને $x_3$ ની કિમ્મતને (મુલ્યને) બમણી કરવામાં આવેતો, તે 30 થાય છે. આ સંજોગોમાં $x_1$ નું મુલ્ય કેટલું હશે ?

(A) 20 (B) 27

(C) 16 (D) 2

067. 15 પાણીના પંપથી એક ટાંકી "7" કલાકમાં ભરાઈ જાય છે. જો તે ટાંકી "5" કલાકમાં ભરવાની થાયતો વધારાના કેટલા પંપની જરૂર પડશે ?

(A) 6 (B) 7

(C) 14 (D) 21

068. સત્રાંત પરીક્ષા કુલ 500 માર્કની રહે છે.

એક વિદ્યાર્થીએ પ્રથમ અને બીજી પરીક્ષામાં અનુક્રમે 45% અને 55% માર્ક મળેલ છે. જો ત્રણેય પરીક્ષામાં થઈને તેને 60% માર્ક જોઈતો હોય તો ત્રીજી પરીક્ષામાં તેને કેટલાં માર્ક જરૂરી છે ?

(A) 450 (B) 400

(C) 350 (D) 300

069. 39 વિદ્યાર્થીઓની કુલ ઉમર 780 વર્ષ થાય છે. જો શિક્ષકની ઉમર ઉમેરવામાં આવે તો સરેરાશ ઉમર 21 વર્ષ થાય છે. તો શિક્ષકની ઉમર કેટલી હશે ?

(A) 50 વર્ષ (B) 55 વર્ષ

(C) 60 વર્ષ (D) 65 વર્ષ

070. એક વસ્તુના જથ્થા પૈકી 3/7 જથ્થાની કિંમત 1800 રૂા. છે. તો સંપૂર્ણ જથ્થાની કિમ્મત કેટલી થાય ?

(A) 3500 રૂા. (B) 4200 રૂા.

(C) 4900 રૂા. (D) 3000 રૂા.

071. એક સંખ્યાના 40% ના 40% બરાબર 40 થાય તો, તે સંખ્યા કઈ હશે ?

(A) 40 (B) 200

(C) 250 (D) 500

072. 3 ટેબલ અને 6 ખુરશીની કિંમત 6000 રૂા. અને 4 ટેબલ અને 10 ખુરશીની કિંમત 9000 રૂા. છે. આ સંજોગોમાં 8 ટેબલ અને 32 ખુરશીની કિંમત કેટલા રૂા. હશે ?

(A) 16,000 (B) 20,000

(C) 24,000 (D) 30,000

073. 280 મીટર લાંબી ગાડી 60 કિ.મી./કલાકની ઝડપથી જતી ગાડી સામેથી આવતી 320 મીટર લાંબી અને 48 કિ.મી./કલાકની ગતિથી આવતી ગાડી, એક બીજાને કેટલા સમયમાં પસાર કરશે ?

(A) 20 મિનિટ (B) 20 સેકન્ડ

(C) 2 સેકન્ડ (D) 12 સેકન્ડ

074. એક વર્તુળની પરિમિતિ 484 મીટર છે તો તેનું ક્ષેત્રફળ કેટલુ હશે ?

(A) 18634 સેન્ટી મીટર (B) 18634 ઘન મીટર

(C) 18734 ચો. મીટર (D) 18734 મીટર

075. એક લંબઘન ડબ્બાની લંબાઈ 90 સે.મી. પહોળાઈ 50 સે.મી. અને ઉંચાઈ 1 મીટર હોયતો તેનું ઘનફળ કેટલા ઘન મીટર હશે ?

(A) 0.045 ઘન મીટર (B) 0.45 ઘન મીટર

(C) 0.0045 ઘન મીટર (D) 450000 ઘન મીટર

076. ઈસરો (ISRO) દ્વારા ચંદ્રયાન-3 (Chandrayan-3) ચંદ્ર ઉપર મોકલવા માટે કયો સમય નક્કી કરવામાં આવેલ છે ?

(A) નવેમ્બર 2020 (B) નવેમ્બર 2022

(C) નવેમ્બર 2024 (D) નવેમ્બર 2026

077. નીચેના પૈકી કઈ બાબત વંશ પરંપરાગત "heriditary" નથી ?

(A) થૈલાસીમિયા – Thalessemia (B) રંગ - અંધત્વ – Color - blindness

(C) હીમેફીલિયા – Haemophilia (D) લ્યુકેમિયા – Leukemia

078. પેનિસિલિન (Penicillin) કે જે એન્ટી બાયોટીક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે તે શેમાથી બને છે ?

(A) બેકટેરીયા – (Bacteria) (B) ફૂગ (Fungi)

(C) શેવાળ (Algae) (D) લિકેન (Lichens)

079. વન, પર્યાવરણ અથવા વન્યજીવનની રક્ષા માટે નીચેના પૈકી કયો પુરસ્કાર આપવામાં આવતો નથી ?

(A) ઈન્દીરા ગાંધી પર્યાવરણ પુરસ્કાર (Indira Gandhi Paryavaran Puraskar)

(B) અમૃતા દેવી બીસ્નોઈ પુરસ્કાર (Amrita Devi Bishnoi Award)

(C) મેદિની પુરસ્કાર યોજના (Medini Puraskar Yojana)

(D) બીહારી પુરસ્કાર (Bihari Puraskar)

080. બેન્જામિન ફ્રેન્કલિન દ્વારા નીચેના પૈકી કઈ બાબતની શોધ કરેલ હતી ?

(A) બાયફોકલ ચશ્મા (Bifocal Spectacles) (B) રેડીયો (Radio)

(C) બેરોમીટર (Barometer) (D) હાયગ્રોમીટર (Hygrometer)

081. મોનોઝાઈટ "Monazite" એ શાની કાચી ધાતુ (ore) છે ?

(A) ટીટાનિયમ (Titanium)
(B) ઝિર્કોનિયમ (Zirconium)
(C) લોખંડ (Iron)
(D) થોરિયમ (Thorium)

082. પાણીમાં સૌથી ઝડપથી કઈ વસ્તુ ઓગળી જશે ?

(A) ખાંડ
(B) સલ્ફર
(C) કપુર
(D) હળદર

083. પાણીમાં રહેલ હવાનો પરપોટો (Air bubble) એ કોનું કામ કરે છે ?

(A) બહિર્મુખ અરીસો (Convex mirror)
(B) અંતરમુખ અરીસો (Concave mirror)
(C) બહિર્મુખ લેન્સ (Convex lens)
(D) અંતરમુખ લેન્સ (Concave lens)

084. ઘરમા ઈલેક્ટ્રીકનું જે વાયરીંગ કરવામાં આવે છે તે કયા પ્રકારનું કનેકશન છે ?

(A) સીરીઝ કનેકશન (Series connection)
(B) પેરેલલ કનેકશન (Parallel connection)
(C) પેરેલલ અને સીરીઝ કનેકશનનું સંયોજન
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

085. રીચર સ્કેલ (Richter Scale) કયા ઉપયોગમાં લેવામાં આવે છે ?

(A) ધ્વનિનો વેગ માપવા
(B) પ્રકાશની તિવ્રતા માપવા
(C) સિસ્મિક મોજાનો કંપન વિસ્તાર માપવા
(D) અવાજની તિવ્રતા માપવા

086. ઈ ગન્ના એપ "E-ganna app" કયા રાજ્ય દ્વારા શરૂ કરવામાં આવેલી છે ?

(A) છત્તીસગઢ
(B) ઉત્તર પ્રદેશ
(C) મહારાષ્ટ્ર
(D) ગુજરાત

087. ભારતના કયા રમતવીરને "ટાઈમ 100 Next" (Time 100 Next) માં સ્થાન મળેલ છે ?

(A) દુતી ચંદ (Dutee Chand)
(B) હીમા દાસ (Hima Das)
(C) સરીતા ગાયકવાડ (Sarita Gayakwad)
(D) સાથી ગીથા (Sathi Geetha)

088. બનાવટી વસ્તુઓને પોતાના માધ્યમથી વેચાણ ન થાય તે માટે "Project Zero" કઈ ઑન લાઈન કંપની એ શરૂ કરેલ છે ?

(A) પેટીએમ (Paytm)
(B) એમેઝોન (Amazon)
(C) ફ્લીપકાર્ટ (Flipkart)
(D) ઈન્ડીયામાર્ટ (India Mart)

089. ગણતંત્ર દિવસ - 2020 માં મુખ્ય મહેમાન તરીખે કોને આમંત્રણ આપેલ છે ?

(A) બ્રાઝીલના પ્રમુખશ્રી (Brazil President)
(B) ઈટાલીના પ્રમુખશ્રી (Italy President)
(C) પોર્તુગલ (Portugal)
(D) ન્યુઝીલેન્ડ (New Zealand)

090. વર્લ્ડ મોન્યુમેન્ટ વૉચ લીસ્ટ (World Monument Watch List) દ્વારા 2020 ની યાદીમાં પસંદગી પામેલ "સુરંગા બાવડી (Suranga Bawadi)" કયા રાજ્યમાં છે ?

(A) આંધ્ર પ્રદેશ
(B) નાગાલેન્ડ
(C) કર્નાટક
(D) મીઝોરમ

091. “વર્લ્ડ કાઈન્ડનેસ ડે” (World Kindness Day) ક્યારે ઉજવાય છે ?

(A) નવેમ્બર 15
(B) નવેમ્બર 14
(C) નવેમ્બર 13
(D) નવેમ્બર 12

092. વૈશ્વિક લાંચ લેવાનું જોખમી સૂચકાંક (Global Bribery Risk Index) માં લાંચ લેવાનું સૌથી ઓછુ જોખમ હોય તેવો કયો દેશ છે ?

(A) અમેરીકા
(B) ચીન
(C) જાપાન
(D) ન્યુઝીલેન્ડ

093. “ધ ગોલ્ડન લીફ એવાર્ડ” કઈ સંસ્થાને આપવામાં આવેલ છે ?

(A) ધ ટૉબેકો બોર્ડ (Tobacco)
(B) ધ કૉફી બોર્ડ (Coffee)
(C) ધ ટી બોર્ડ (Tea)
(D) ધ રબ્બર બોર્ડ (Rubber)

094. “ભારતીય પોષણ કૃષિ કોષ” (Bharatiya Poshan Krishi Kosh - BPKH) ની રચના કયા મંત્રાલય દ્વારા કરવામાં આવેલી છે ?

(A) નાણા મંત્રાલય
(B) ગ્રામ્ય વિકાસ મંત્રાલય
(C) મહિલા અને બાલ વિકાસ મંત્રાલય
(D) માનવ સંસાધન મંત્રાલય

095. “The daugher from wishing tree : Unusual Tales about Indian woman in mythology” ના લેખક/લેખિકા કોણ છે ?

(A) સુધા ચંદ્રન
(B) સુધા મુર્તિ
(C) કીરન બેદી
(D) લક્ષ્મી વિષ્ણુ

096. સને 2020 થી કયા રાજ્ય દ્વારા અરૂંધતી ગોલ્ડ સ્કીમ (Arudhati Gold Scheme - 2020) કયા રાજ્ય દ્વારા શરૂ કરવામાં આવનાર છે ?

(A) તામીલનાડુ
(B) કર્નાટક
(C) આસામ
(D) કેરલા

097. “PETA person for year 2019” દ્વારા કયા ભારતીયની પસંદગી કરવામાં આવેલ છે ?

(A) શશી થરૂર
(B) આર. માધવન
(C) પ્રદીપ શર્મા
(D) વિરાટ કોહલી

098. “ધ પ્રેસીડેન્ટ કલર એવૉર્ડ” “The President colour award” કયા સૈન્યના એકમને આપવામાં આવેલ છે ?

(A) મહાર રેજીમેન્ટ
(B) રાજપુતાના રાયફલ્સ
(C) ઈન્ડીયન નેવલ એકેડમી
(D) આસામ રાયફલ્સ

099. “Third Umpire RT - PCR” મશીન સૌ પ્રથમ કયા શહેરમાં વસાવવામાં આવેલ છે ?

(A) મુંબઈ
(B) કલકત્તા
(C) ચેન્નાઈ
(D) નવી દિલ્હી

100. IRCTC અને કયા રાજ્યના પ્રવાસન વિકાસ કોર્પોરેશનના સહયોગમાં “Golden Chariot Train” શરૂ કરવાનું આયોજન છે ?

(A) કર્નાટક
(B) મહારાષ્ટ્ર
(C) ગુજરાત
(D) તામીલનાડુ

101. યુનિસેફની GOBI ઝુંબેશમાં 'O' શું દર્શાવે છે ?

(A) ઑરલ રીહાઈડ્રેશન થૅરાપી
(B) ઓરલ પોલીઓ ડોઝ
(C) ઓરલ વિટામીન-એ ડ્રોપ્સ
(D) ઓરલ મેડીસીન

102. નીચેનામાંથી કયા મુખ્ય ઈલેક્ટ્રોલાઈટ છે ?

1. કેલ્શિયમ 2. સોડિયમ 3. ઝીંક 4. મેગ્નેશ્યમ

(A) 1, 2, 3
(B) 1, 3, 4
(C) 1, 2, 4
(D) 2, 3, 4

103. નીચે પૈકી કયા પરિબળો ખાદ્યપદાર્થમાં થાયામીનના પ્રમાણને તથા તેની ઉપયોગીતાને અસર કરે છે ?

1. ઈરેડીયેશન
2. વધુ પડતુ મીલીંગ અને પોલીશીંગ
3. 120° સે. થી વધુ તાપમાન
4. આલ્કલાઈન વાતાવરણ

(A) 1, 2, 3, 4
(B) 2, 3, 4
(C) 1, 3, 4
(D) 1, 2, 4

104. આઈસોટોનીક નિર્જલીકરણ અંગે કયું વાક્ય સાચું છે ?

(A) પાણી અને મીઠાનું સપ્રમાણ ઓછું થવું.
(B) માત્ર પાણીનો ભાગ ઓછો થવો.
(C) માત્ર મીઠાનો ભાગ ઓછો થવો.
(D) પાણી અને મીઠાનું અપ્રમાણસર ઓછું થવું.

105. નીચેનામાંથી કઈ પદ્ધતિ આહાર મોજણીની નથી ?

(A) ખોરાકના તોલમાપની પદ્ધતિ
(B) આહાર યોજના પદ્ધતિ
(C) આહારક્રિય સ્કોર પદ્ધતિ
(D) ખાદ્ય યાદી પદ્ધતિ

106. ડી સ્ફેજીયા એટલે શું ?

(A) ભૂખ ન લાગવી
(B) ખૂબ તરસ લાગવી
(C) ઉંઘવામાં તકલીફ થવી
(D) કશુંપણ ગળવામાં તકલીફ થવી

107. આઈ.સી.એન.આર. (2009) મુજબ બેઠાળુક્રિયા વાળી જીવનશૈલી માટે શારીરિક સક્રિયતા (PAL) મૂલ્ય કેટલું છે ?

(A) 1.47
(B) 1.53
(C) 1.80
(D) 2.30

108. ઈંડામાં રહેલું કયુ તત્ત્વ બાયૉટીનને બંધવામાં મદદરૂપ થાય છે ?

(A) લેસીથીન
(B) એવીડીન
(C) આલ્બ્યુમીન
(D) ઉપરમાંથી એક પણ નહીં

109. NPPANB અંતર્ગત વિટામિન એ નો પહેલો ડોઝ કેટલી માત્રાનો હોય છે ?

(A) 50,000 આઈ.યુ.
(B) 1,00,000 આઈ.યુ.
(C) 2,00,000 આઈ.યુ.
(D) 3,00,000 આઈ.યુ.

110. નીચે પૈકી કયુ વિટામીન-H તરીકે ઓળખાય છે ?

(A) પેન્ટાથોનીક એસિડ
(B) નાયાસીન
(C) બાયોટીન
(D) પાઈરીડોશીન

111. લોહતત્વની ઉણપ થવાના કારણો કયા, કયા છે ?

1. નબળી જૈવઉપલબ્ધતા 2. વીટામીન ડી ની ઉણપ 3. અજ્ઞાનતા 4. શોષણ અવરોધક તત્વની હાજરી

(A) 1, 2, 3, 4
(B) 1, 2, 4
(C) 2, 3, 4
(D) 1, 3, 4

112. પ્રાથમિક શિક્ષણને સમર્થન કરતી NP-NSPE ની શરૂઆત ક્યારે કરવામાં આવી ?

(A) 15 ઓગષ્ટ 1970
(B) 26 જાન્યુઆરી 1975
(C) 26 જાન્યુઆરી 1980
(D) 15 ઓગષ્ટ 1995

113. ANM નું પુરૂ નામ જણાવો.

(A) આંગણવાડી નર્સ મિડવાઈફ
(B) ઓકઝીલરી નર્સ મિડવાઈફ
(C) એન્ટીનેટલ નર્સ મિડવાઈફ
(D) આંગણવાડી નીઓનેટલ મિડવાઈફ

114. ઓક્સીટોસીન અંતઃસ્ત્રાવ કયાથી ઝરે છે ?

(A) આખી પિચ્યુટરી ગ્રંથિમાંથી
(B) પિચ્યુટરી ગ્રંથિના આગળના ભાગમાંથી
(C) પિચ્યુટરી ગ્રંથિના પાછળના ભાગમાંથી
(D) થાઈરોઈડ ગ્રંથિમાંથી

115. ચરબીનો પાચ્યતા ગુણાંક કેટલો છે ?

(A) 90%
(B) 92%
(C) 95%
(D) 98%

116. હાઈડ્રોજીનેશન પ્રક્રિયાથી ફેટી એસિડમાં કેવો ફેરફાર આવે છે ?

(A) ફેટી એસિડ અસંતૃપ્ત બને છે.
(B) ફેટી એસિડ સંતૃપ્ત બને છે.
(C) ફેટી એસિડની લાંબી શુંખલા બને છે.
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં.

117. બાળકના વૃદ્ધિ આલેખન માટે કયા મુદ્દાઓ જાણવા આવશ્યક છે ?

1. બાળકની જન્મ તારીખ

2. બાળકનું વજન

3. બાળકના પિતાની ઉંમર

4. બાળકના કુટુંબના માસિક આવક

(A) 1, 2
(B) 1, 4
(C) 2, 4
(D) 2, 3

118. નીચે પૈકી કયુ/કયા કૌશલ્યો પ્રારંભિક બાળપણ સંભાળ અને અભ્યાસ દ્વારા વિકસિત થાય છે ?

(A) બૌદ્ધિક કૌશલ્ય
(B) ભાષાકીય કૌશલ્ય
(C) સામાજીક કૌશલ્ય
(D) ઉપરોક્ત બધાજ

119. આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી ક્યારે થાય છે ?

(A) 16 ઓક્ટોબર
(B) 21 જૂન
(C) 5 જૂન
(D) 2 ઓક્ટોબર

120. મીઠામાં આયોડિનના ફોર્ટીફીકેશન માટે કયું સોલ્ટ ઉમેરવામાં આવે છે ?

(A) કેલ્શિયમ આયોડેટ
(B) પોટેશ્યિમ આયોડેટ
(C) સોડિયમ આયોડેટ
(D) મેગ્નેશ્યિમ આયોડેટ

121. ગુજરાત રાજ્યમાં માતા અને બાળ સુરક્ષા કાર્ડ કયા નામે ઓળખાય છે ?

(A) માં કાર્ડ
(B) જનની સુરક્ષા કાર્ડ
(C) શિશુ સંભાળ કાર્ડ
(D) મમતા કાર્ડ

122. શરીરમાં ખાદ્યપદાર્થમાંથી ફોલીક એસિડને છુટું પાડવા માટે કયા પ્રકારની સ્થિતિ જરૂરી છે ?

(A) એસિડિક સ્થિતિ
(B) આલ્કલાઈન સ્થિતિ
(C) લાળની હાજરી
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

123. ગોમેઝ વર્ગીકરણ મુજબ જો બાળકની ઉંમરની સાપેક્ષમાં વજન 60% કરતા ઓછું હોય તો કયા ગ્રેડનું કુપોષણ ગણાય ?

(A) ગ્રેડ-1 કુપોષણ
(B) ગ્રેડ-2 કુપોષણ
(C) ગ્રેડ-3 કુપોષણ
(D) ગ્રેડ-4 કુપોષણ

124. નીચે પૈકી કયું તેલ સંતૃપ્ત ફેટી એસિડનું મુખ્ય સ્ત્રોત છે ?

(A) મકાઈનું તેલ
(B) સનફ્લાવર તેલ
(C) કોપરેલ
(D) સીંગતેલ

125. લોહીમાં રહેલા રક્તકણોમાં કેટલી માત્રામાં લોહતત્ત્વ હોય છે ?

(A) 40%
(B) 60%
(C) 65%
(D) 70%

126. બાલવાડી ફીડીંગ પ્રોગ્રામના અમલીકરણ માટે કઈ સંસ્થાઓ જવાબદાર છે ?

1. ICCW (ઈન્ડીયન કાઉન્સીલ ફોર ચાઈલ્ડ વેલફેર)
2. પ્રજા સેવક સંઘ
3. હરિજન સેવક સંઘ

(A) 1, 2, 3, 4
(B) 1, 2, 3
(C) 1, 3, 4
(D) 1, 2, 4

127. ગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રી દારૂનું સેવન કરે તો આવનાર બાળકને કઈ સ્થિતિ થઈ શકે છે ?

(A) ફીટલ આલ્કોહોલ સિન્ડ્રોમ
(B) મેટાબોલીક સિન્ડ્રોમ
(C) ડાઉન સિન્ડ્રોમ
(D) ઈન્સ્યુલીન રેસીસ્ટન્સ સિન્ડ્રોમ

128. નીચે પૈકી કયા પરિબળો બેઝલ મેટાબોલિક રેટ ઘટાડે છે ?

(A) તાવ
(B) વૃદ્ધિ
(C) ગર્ભાવસ્થા
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

129. કયો અંતઃસ્ત્રાવ લોહીમાં ગ્લુકોઝના સ્તરને ઓછું કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે ?

(A) ઈન્સ્યુલીન
(B) ગ્લુકાગોન
(C) એપીનેફ્રીન
(D) ગ્રોથહોર્મોન

130. નીચે પૈકી કઈ બાળકમાં જોવા મળતી જન્મજાત ખામી નથી ?

(A) સ્પાઈનાબાઈફીડા
(B) ક્લેફ્ટ પેલેટ
(C) એનેન્સેફાલી
(D) પિટિંગ ઓડીમા

131. નીચેના ખાદ્યપદાર્થોને 100 ગ્રામ વજનદીઠ તેમાં રહેલી પ્રોટીનની માત્રા મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવો.

1. મગ    2. સોયાબીન    3. ઈંડુ    4. દૂધ

(A) 2, 1, 3, 4
(B) 3, 4, 2, 1
(C) 4, 3, 2, 1
(D) 2, 3, 4, 1

132. ટ્રીપ્ટોફેન એમિનોએસિડમાંથી કયુ વિટામીન રૂપાંતરિત થાય છે ?

(A) રાઈબોફ્લેવીન
(B) નાયાસીન
(C) થાયામીન
(D) પેન્ટાટોનિક એસિડ

133. મીલીંગ કર્યા વગરના ચોખાને શું કહેવાય ?

(A) ગોલ્ડન ચોખા
(B) બ્રાઉન ચોખા
(C) પારબોઈલ્ડ ચોખા
(D) કણકી ચોખા

134. ગોઈટરોજન્સ તત્ત્વો માટે નીચે પૈકી કયા મુદ્દા સાચા છે ?

1. આયોડીનના અવશોષણમાં અવરોધક બને છે.
2. આયોડીનના ઓક્સીકરણમાં અવરોધક બને છે.
3. T4 થી T3 ના રૂપાંતરમાં અવરોધક બને છે.

(A) 1, 2, 3
(B) 1, 3
(C) 1, 2
(D) 2, 3

135. કયો ખાદ્યપદાર્થ વિટામીન કે નો ઉત્તમ સ્ત્રોત છે ?

(A) પાકી કેરી
(B) પાલક
(C) કોલી ફ્લાવર
(D) સૂરણ

136. પ્રોટીનની ગુણવત્તા જાળવવા માટે નીચે પૈકી કયુ પરિમાણ વપરાતુ નથી ?

(A) જૈવિક મુલ્ય
(B) નેટ પ્રોટીન ગુણોત્તર
(C) પ્રોટીન યોગ્યતાના ગુણોત્તર
(D) પ્રોટીન - શક્તિ ગુણોત્તર

137. દૂધમાં રહેલ મુખ્ય પ્રોટીનનું નામ શું છે ?

(A) ઝેઈન
(B) કેસીન
(C) લ્યુકોસીન
(D) ગ્લાયડીન

138. બાળકમાં જોવા મળતા સ્પીચ ડિસઓર્ડરનો પ્રકાર નથી ?

(A) લિપ્સીંગ
(B) સ્ટટરીંગ
(C) સ્લરીંગ
(D) ડિસ્લેક્ષીયા

139. પનીર અને ચીઝમાં પ્રિઝર્વેટીવ ઉમેરવાનો પ્રાથમિક હેતુ શો છે ?

(A) બેક્ટેરિયાથી બગાડ થતો અટકાવવા
(B) મોલ્ડથી થતો બગાડ અટકાવવા
(C) સુગંધ વધારવાનો
(D) સ્વાદ વધારવાનો

140. રીપ્રોડક્ટીવ એન્ડ ચાઈલ્ડ હેલ્થ પ્રોગ્રામ-2 મુખ્યત્વે કયા ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યા છે ?

1. માતાને આર્થિક સહાય કરવા માટે.
2. માતા મૃત્યુદર અને શિશુ મૃત્યુદર ઓછો કરવા માટે.
3. કુલ ફર્ટીલીટી દર ઓછો કરવા માટે.

(A) 1, 2, 3
(B) 1, 2
(C) 1, 3
(D) 2, 3

141. ટારગેટેડ પબ્લિક ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ હેઠળ એક પરિવારને મહિનાદીઠ કેટલું અનાજ આપવામાં આવે છે ?

(A) 5 થી 10 કિલોગ્રામ
(B) 10 – 20 કિલોગ્રામ
(C) 20 – 25 કિલોગ્રામ
(D) 25 – 30 કિલોગ્રામ

142. નીચેનામાંથી કયો સિદ્ધાંત વિકાસનો નથી ?

(A) ક્રમનો સિદ્ધાંત
(B) સાતત્યનો સિદ્ધાંત
(C) વિકાસશીલ ગતિનો સિદ્ધાંત
(D) દિશાહિનતાનો સિદ્ધાંત

143. સ્કીમ ફોર એડોલેસન્ટ ગર્લ્સ (SAG) હેઠળ તરૂણીનું બોડી માસ ઈન્ડેક્ષ (BMI) કેટલું હોય તો તે સામાન્ય ગણાય ?

(A) 18.5 કિગ્રા/મી$^2$ થી ઓછું
(B) 18.5 – 22.9 કિગ્રા/મી$^2$
(C) 23.0 – 27.5 કિગ્રા/મી$^2$
(D) 27.5 કિગ્રા/મી$^2$ થી વધુ

144. કિરણોત્સર્ગ દ્વારા ખાદ્યસંરક્ષણની પદ્ધતિથી ખાદ્યપદાર્થમાં કેવા પ્રકારના ફેરફાર જોવા મળે છે ?

(A) કુદરતી એન્ટી ઓક્સીડન્ટ વધે છે
(B) વિટામીન-ઈ અને વિટામીન કે નું સ્તર ઘટે છે
(C) વિટામીન-ડી નું સ્તર વધે છે
(D) વિટામીન બી-12 નું પ્રમાણ જળવાય રહે છે

145. કાર્બોદિત પદાર્થના પચનની શરૂઆત કયાથી થાય છે ?

(A) મુખમાં
(B) અન્ન નળીમાં
(C) જઠરમાં
(D) નાના આંતરડામાં

146. પૂર્વશાળાની અંદરની સુવિધાઓ માટે નીચે પૈકી કયું સુસંગત નથી ?

(A) રંગીન ચિત્રો વાળી દિવાલો
(B) ખૂબજ લખાણ વાળી ચોપડીઓ
(C) રમકડા
(D) મોટા ચિત્રોવાળી ચોપડીઓ

147. ત્રિગુણી રસીનો પહેલો બૂસ્ટર ડોઝ ક્યારે આપવામાં આવે છે ?

(A) 9 – 12 મહિને
(B) 12 – 14 મહિને
(C) 16 – 24 મહિને
(D) 5 – 6 વર્ષે

148. ફીનોડર્મા શેની ઉણપને લીધે થાય છે ?

(A) આવશ્યક ફેટી એસિડ
(B) વિટામીન - કે
(C) વિટામીન - સી
(D) પ્રોટીન

149. WBNP કયા કાયદા હેઠળ આવે છે ?

(A) નેશનલ ફૂડ સેનીટેશન એક્ટ
(B) ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ
(C) નેશનલ ફૂડ સીક્યુરીટી એક્ટ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

150. દીકરી યોજનાનો મુખ્ય હેતુ શો છે ?

(A) કન્યા જન્મદર વધારવાનો
(B) કન્યા શિક્ષણ વધારવાનો
(C) કન્યાનો ડ્રોપઆઉટ દર ઘટાડવાનો
(D) ઉપરોક્ત બધાજ

151. કયા વિટામીનની ઉણપથી હેમરેજીક રોગ થાય છે ?

(A) વિટામીન-એ
(B) વિટામીન-ડી
(C) વિટામીન-ઈ
(D) વિટામીન-કે

152. WHO દ્વારા નિર્ધારિત કરાયેલ ઓ.આર.એસ. માં સોડિયમ ક્લોરાઈડની માત્રા કેટલી હોય છે ?

(A) 1.5 ગ્રામ/લિટર
(B) 2.5 ગ્રામ/લિટર
(C) 3.5 ગ્રામ/લિટર
(D) 4.5 ગ્રામ/લિટર

153. સ્ટાર્ચને પાણીમાં રાંધવાથી કઈ પ્રક્રિયા થાય છે ?

(A) જીલેટીનાઈઝેશન
(B) ગ્લુટન ફોર્મેશન
(C) કેરેમલાઈઝેશન
(D) એન્ઝાઈમેટીક બ્રાઉનીંગ

154. નીચે પૈકી કયુ પ્રોટીન પાણીમાં દ્રાવ્ય છે ?

(A) આલ્બ્યુમીન (B) ગ્લુટેન

(C) ગ્લોબ્યુલીન (D) કિરેટીન

155. મહિલા ઈ-હાટની શરૂઆત ક્યારે થઈ હતી ?

(A) માર્ચ, 2016 (B) ઓક્ટોબર, 2015

(C) જૂન, 2017 (D) ઓગષ્ટ, 2017

156. આહારનું આયોજન કરતી વખતે કયા મુદ્દા ધ્યાનમાં રાખવા જરૂરી છે ?

1. આહારનો દેખાવ, સ્વાદ અને સુગંધ

2. આહારની પૌષ્ટિક્તા

3. પરિવારના અંદાજપત્રની અંદર ખર્ચ

4. પરિવારના સભ્યોની સંખ્યા

(A) 1, 2, 3 (B) 2, 3, 4

(C) 1, 3, 4 (D) 1, 2, 3, 4

157. બાળકનો આઈ. ક્યૂ. કેટલો હોય તો બાળક ગંભીર રીતે મેન્ટલી રીટાર્ડેડ છે તેમ કહેવાય ?

(A) 20 – 34 (B) 35 – 49

(C) 50 – 70 (D) 70 – 80

158. થાયામીનની જરૂરિયાત શેની પર નિર્ભર છે ?

(A) પ્રોટીનની જરૂરિયાત (B) ચરબીની જરૂરિયાત

(C) શક્તિની જરૂરિયાત (D) કેલ્શિયમની જરૂરિયાત

159. નીચે પૈકી કયુ/કયા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સમાં સમાવિષ્ટ થાય છે ?

(A) સારૂ સ્વાસ્થ્ય (B) ગુણવત્તા સભર અભ્યાસ

(C) શાંતિ, ન્યાય અને મજબૂત સંસ્થાઓ (D) ઉપરોક્ત બધાજ

160. ડબલ ફોર્ટીફઈડ મીઠું કઈ બે ઉણપોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે ?

(A) ગોઈટર અને પાંડુરોગ (B) ગોઈટર અને રીકેટસ

(C) ગોઈટર અને સ્ક્વોશ્યરકર (D) ગોઈટર અને પેલેગ્રા

161. નીચે પૈકી કયુ રાઈબોફ્લેવીનની ઉણપનું ચિન્હ નથી ?

(A) ગ્લોશાયટીસ (B) ચીલોસીસ

(C) ફોટોફોબીઆ (D) કેસલ નેકલેસ

162. WHO મુજબ ઝેરોપ્થેલેમીયાના વર્ગીકરણ મુજબ X1A એટલે શું ?

(A) બિટોટ સ્પોટ (B) કન્જક્ટીવલ ઝેરોસીસ

(C) કેરેટોમેલેશીયા (D) કોરનીઅલ સ્કાર

163. આઈ.સી.ડી.એસ. યોજના કઈ પંચવર્ષીય યોજનામાં શરૂ કરવામાં આવી હતી ?

(A) ત્રીજી (B) ચોથી

(C) પાંચમી (D) છઠ્ઠી

164. નીચે પૈકી કયું અદ્રાવ્ય રેસાનું ઉદાહરણ છે ?

(A) પેકટીન (B) મ્યુસીલેજ

(C) બીટા-ગ્લુકેન (D) સેલ્યુલોઝ

165. 1 ગ્રામ મીઠાનો કેટલો ભાગ સોડિયમને લીધે હોય છે ?

(A) 30% (B) 40%

(C) 50% (D) 60%

166. નવજાત શિશુના ચેતાતંત્રના વિકાસ માટે સૌથી અગત્યનું શું છે ?

(A) લિનોલીક એસિડ (B) સંતૃપ્ત ફેટી એસિડ

(C) વિટામીન-કે (D) વિટામીન-ડી

167. સમતોલ આહારમાં 25 ગ્રામ અનાજનો એક ભાગ હોય તેવા કેટલા સર્વિંગ હોવા જોઈએ ?

(A) 3 – 5 (B) 5 – 10

(C) 9 – 16 (D) 7 – 12

168. નીચે પૈકીની કઈ પ્રવૃત્તિ મધ્યમ ક્રિયા દર્શાવે છે ?

(A) સિલાઈ કામ (B) રીક્ષા ખેચવી

(C) લાકડા કાપવા (D) પત્થર તોડવા

169. તાપમાન દ્વારા ખાદ્યસંરક્ષણમાં TDT જાણવું જરૂરી છે. TDT નું પૂરૂ નામ જણાવો.

(A) થર્મલ ડેથ ટાઈમ (B) થર્મલ ડેથ ટેમ્પરેચર

(C) થર્મલ ડીકેઈંગ ટાઈમ (D) થર્મલ ડીલે ટેમ્પરેચર

170. ફીનાઈલ કીટોન યુરિયા શેનો પ્રકાર છે ?

(A) પોષક તત્ત્વની ઉણપ (B) ચેપી રોગ

(C) મેટાબોલીક ડિસઓર્ડર (D) ટૂંકાગાળાની બિમારી

171. અનાજમાંથી મુખ્યત્વે કયું વિટામીન પ્રાપ્ત થાય છે ?

(A) વિટામીન-એ (B) વિટામીન-બી12

(C) વિટામીન-સી (D) વિટામીન-બી-1

172. 'ફ્લેગ સાઈન' એ શેના સંબંધિત ચિહ્ન છે ?

(A) વાળ (B) ચામડી

(C) હાડકા (D) લોહી

173. શાળામાં જતા બાળકને ઝાડા થયા હોય તો કયા પ્રકારનો આહાર આપવો જોઈએ ?

(A) ઘઉના ફાડાની ખીચડી (B) દહી અને ભાત

(C) ગાળ્યા વગરનો શાકભાજીનો સૂપ (D) ખીચડી અને અથાણું

174. નીચે પૈકી કયા બાળકના વિકાસના પ્રકાર છે ?

(A) સાંવેગિક વિકાસ (B) બૌદ્ધિક વિકાસ

(C) સામાજીક વિકાસ (D) ઉપરોક્ત બધાજ

175. ગામમાં આવેલી પ્રાથમિક શાળાના શિક્ષકો આઈ.સી.ડી.એસ. કાર્યક્રમમાં કેવી રીતે ભાગ ભજવી શકે ?

(A) ગામમાં થયેલ બાળ જન્મની નોંધ કરીને

(B) આંગણવાડીનુ મકાન પૂરૂ પાડીને

(C) આંગણવાડી કેન્દ્રમાં સફાઈ કરીને

(D) સમુદાયને પોતાના બાળકોને આંગણવાડીમાં મોકલવા પ્રોત્સાહિત કરીને

176. NIPI હેઠળ 6 – 10 વર્ષના બાળકને કેટલા પ્રમાણમાં લોહતત્વ અને ફોલીક એસિડ આપવામાં આવે છે ?
(A) 20 મિ. ગ્રામ લોહતત્વ + 100 માઈક્રોગ્રામ ફોલિક એસિડ
(B) 35 મિ. ગ્રામ લોહતત્વ + 100 માઈક્રોગ્રામ ફોલિક એસિડ
(C) 25 મિ. ગ્રામ લોહતત્વ + 400 માઈક્રોગ્રામ ફોલિક એસિડ
(D) 45 મિ. ગ્રામ લોહતત્વ + 400 માઈક્રોગ્રામ ફોલિક એસિડ

177. MAA કાર્યક્રમની શરૂઆત શેના માટે થઈ હતી ?
(A) ગર્ભવતી મહિલાની સંભાળ માટે
(B) ધાત્રીમાતાની સંભાળ માટે
(C) સ્તનપાનને પ્રોત્સાહિત કરવા માટે
(D) તરૂણીઓની સંભાળ માટે

178. ગર્ભવિકાસના તબક્કાઓને ક્રમ મુજબ ગોઠવો.
1. એમ્બ્રીયો 2. ફીટસ 3. ઝાયગોટ
(A) 1, 2, 3
(B) 2, 3, 1
(C) 3, 2, 1
(D) 3, 1, 2

179. બે વર્ષના બાળકના ભાષાકીય વિકાસ માટે કયું સાચું છે ?
(A) માત્ર બે શબ્દો બોલી શકે છે
(B) સાદુ વાક્ય બોલી શકે છે
(C) વાર્તા કહી શકે છે
(D) 'મા' - 'બા' શબ્દો બોલી શકે છે

180. નંદ-ઘરમાં કઈ પ્રવૃત્તિઓ થાય છે ?
(A) પૂર્વશાળેય શિક્ષણ
(B) સ્ત્રીઓ માટે ઉદ્યોગ સાહસિક્તાની તાલીમ
(C) સ્વાસ્થ્ય સંભાળ
(D) ઉપરોક્ત બધીજ

181. હળદરમાં રહેલુ મુખ્ય સક્રિય તત્વ અને રંગતત્વ કયું છે ?
(A) રાઈબો ફ્લેવીન
(B) ટારટ્રેઝીન
(C) એન્થોઝેનથીન
(D) કુરકુમીન

182. નીચે પૈકી કઈ પોષણસ્તર માપવાની પરોક્ષ પદ્ધતિ છે ?
(A) જૈવ રાસાયણિક પરિમાણો
(B) મહત્વપૂર્ણ આંકડાકીય માહિતી
(C) આહાર મોજણી
(D) તબીબી ચિહ્નોની તપાસ

183. વિટામીન $D_3$ નું પૂર્વસ્વરૂપ કયું છે ?
(A) અર્ગોકેલ્સીફેરલ
(B) કોલકેલ્સીફેરોલ
(C) ડીહાઈડ્રોકોલેસ્ટ્રોલ
(D) અર્ગોસ્ટીરોલ

184. મધમાં પાણીનું પ્રમાણ લગભગ કેટલું હોય છે ?
(A) 10%
(B) 17%
(C) 25%
(D) 40%

185. તાપમાનના કયા વિસ્તારને 'ડેન્જર ઝોન' કહેવાય છે ?
(A) 5° સે. થી 63° સે.
(B) 10° સે. થી 70° સે.
(C) 37° સે. થી 89° સે.
(D) 10° ફે. થી 60° ફે.

186. કયું ખનીજતત્વ લોહતત્વ સાથે મળીને હિમોગ્લોબીનના બંધારણમાં મદદરૂપ થાય છે ?
(A) ફ્લોરાઈડ
(B) સલ્ફર
(C) ઝીંક
(D) કોપર

187. શારીરિક વજન માપતી વખતે કયા મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ ?

1. ચરબીનું પ્રમાણ

2. રોગવિજ્ઞાન સંબંધિત (પેથોલોજીકલ) વજન

3. સ્નાયુ અને હાડકાનું પ્રમાણ

4. લંબાઈ/ઉંચાઈ

(A) 1, 2, 3
(B) 2, 3, 4
(C) 1, 3, 4
(D) 1, 2, 3, 4

188. શાળાએ જતા બાળક માટે ડબ્બામાં નાસ્તાનું ઉત્તમ ઉદાહરણ કયું છે ?

(A) જીરા ખાખરા
(B) સાદા નૂડલ્સ
(C) ત્રિરંગી ઢોકલા
(D) ચવાણું

189. HFSS ફૂડ એટલે શું ?

(A) હાઈ ફૂડ વિથ સોલ્ટ એન્ડ સીરપ
(B) હાઈ ફૂડ વિથ સોલ્ટ એન્ડ સુગર
(C) હાઈ ફેટ સોલ્ટ એન્ડ સુગર
(D) હાઈ ફ્રુક્ટોઝ, સુક્રોઝ એન્ડ સોલ્ટ

190. બાળકોમાં જોવા મળતી, 'એટેન્શન ડેફીસીટ હાઈપર એક્ટીવીટી ડિસઓર્ડર' (ADHD) થવાનું એક કારણ કયું છે ?

(A) વધુ પડતો ચરબીયુક્ત ખોરાક
(B) વધુ પડતો કુત્રિમરંગ વાળો ખોરાક
(C) વધુ પડતો પ્રોટીનયુક્ત ખોરાક
(D) ઉપરોક્ત એક પણ નહિં

191. ફળોમાં થતા એન્ઝાઈમેટીક બ્રાઉનીંગને કેવી રીતે રોકી શકાય ?

(A) કાપેલા ફળોનો કાર્બન ડાયોક્સાઈડ સાથેનો સંપર્ક તોડવો.

(B) કાપેલા ફળોનો ઓક્સીજન સાથેનો સંપર્ક તોડવો.

(C) કાપેલા ફળનું ભેજનું પ્રમાણ ઘટાડવું

(D) ફળોની છાલ કાઢીને રાખવા

192. યૌવનારંભ (પ્યુબર્ટી)ની શરૂઆત શેના લીધે થાય છે ?

(A) જનનાત્મક અંતઃસ્ત્રાવના ઉત્પાદનથી
(B) ઈન્સ્યુલીન અંતઃસ્ત્રાવના ઉત્પાદનથી
(C) થાઈરોઈડ ગ્રંથિના અંતઃસ્ત્રાવના વધુ ઉત્પાદનથી
(D) ઉપરોક્ત એક પણ નહીં

193. ASHA કાર્યકરની પસંદગી માટે કયો મુદ્દો સંકળાયેલો છે ?

(A) કાર્યકરની ઉંમર 50 વર્ષથી વધુ હોવી જોઈએ.

(B) કાર્યકરે ઓછામાં ઓછો 12 ધોરણ સુધીનો અભ્યાસ કરેલો હોવો જોઈએ.

(C) કાર્યકર જેતે ગામની રહેવાસી હોવી જોઈએ.

(D) ઉપરોક્ત બધાજ

194. DOTS નું પૂરૂ નામ જણાવો.

(A) ડાયરેક્ટલી ઑબ્ઝર્વ્ડ ટી.બી. સ્ટેટસ
(B) ડાયરેક્ટલી ઑબ્ઝર્વ્ડ ટ્રીટમેન્ટ શોર્ટ કોર્સ
(C) ડાયરેક્ટલી ઑબ્ઝર્વ્ડ ટ્રીટમેન્ટ સ્કીમ
(D) ડાયરેક્ટલી ઑબ્ઝર્વ્ડ ટી.બી. શોર્ટપ્લાન

195. નાના બાળકોમાં ઝાડાની ગંભીરતા ઘટાડવા ઓરલ રીહાઈડ્રેશન સાથે શેની ગોળી આપવાની ભલામણ છે ?

(A) લોહતત્વની ગોળી
(B) કેલ્શિયમની ગોળી
(C) ઝીંકની ગોળી
(D) સોડિયમની ગોળી

196. વૃદ્ધિ આલેખના ઉપયોગો શા છે ?

(A) વૃદ્ધિ નિરીક્ષણ
(B) નીતિ નિર્માણ માટે ઉપયોગી
(C) માતાને બાળકની સંભાળ માટે માહિતગાર કરવી
(D) ઉપરોક્ત બધાજ

197. બાળકને પૂરતુ દૂધ મળે છે કે નહી તેની ચકાસણી કેવી રીતે થઈ શકે ?

1. બાળકનું વજન યોગ્ય રીતે વધતુ હોય.

2. બાળકને કબજીયાત થાય છે.

3. બાળકને એક દિવસમાં છ કે તેથી વધુ વખત પેશાબ થાય.

(A) 1, 2, 3
(B) 1, 2
(C) 1, 3
(D) 2, 3

198. પ્રોક્સીમોડીસ્ટલ વિકાસ એટલે શું ?

(A) માથાથી પગ તરફનો વિકાસ
(B) પગથી માથા તરફનો વિકાસ
(C) બાહ્ય કક્ષાથી કેન્દ્ર તરફનો વિકાસ
(D) કેન્દ્રથી બાહ્ય કક્ષા તરફનો વિકાસ

199. પૂર્વશાળેય બાળક માટેના અભ્યાસ ક્રમ અંગે કયું સુસંગત નથી ?

(A) વિવિધતા સભર
(B) અનૌપચારિક થી ઔપચારિક
(C) જટિલ
(D) સંતુલિત વિકાસ

200. બાળકોમાં જોવા મળતા શારીરિક વિકાસને ચઢતા ક્રમમાં ગોઠવો.

1. ટેકા વગર ઉભા રહેવું. 2. ઘૂંટણિયા ભરવા 3. બેસવું 4. ટેકા સાથે ચાલવું

(A) 1, 3, 2, 4
(B) 2, 3, 1, 4
(C) 3, 1, 2, 4
(D) 3, 2, 1, 4

201. સીંગદાણામાં જોવા મળતુ આફલાટોક્ષીન શરીરના કયા ભાગને નુકસાન પહોંચાડે છે ?

(A) મગજ
(B) હૃદય
(C) યકૃત
(D) મૂત્રપિંડ

202. જો બાળક મેદસ્વી હોય તો તેને પુખ્તાવસ્થા દરમ્યાન કઈ પરિમાણિક અસર થઈ શકે છે ?

(A) દીર્ઘકાલીન બિમારી
(B) સંધિવા અને હાડકાની અન્ય તકલીફ
(C) કેન્સર
(D) ઉપરોક્ત બધીજ

203. બાળકના બૌદ્ધિક પર્ફોર્મન્સ ને કયા પરિબળો અસર કરે છે ?

1. ભૌતિક સગવડતાઓ વાળું વાતાવરણ 2. આહાર 3. કુપોષણ 4. ઉત્તેજના

(A) 1, 2, 3, 4
(B) 1, 2, 3
(C) 2, 3, 4
(D) 1, 3, 4

204. ગર્ભાવસ્થા દરમ્યાન જોવા મળતા ડાયાબિટીસને શું કહેવાય ?

(A) જુવેનાઈલ ડાયાબિટીસ મેલાઈટસ
(B) જસ્ટેશનલ ડાયાબિટીસ મેલાઈટસ
(C) ટાઈપ-2 ડાયાબિટીસ મેલાઈટસ
(D) હાઈપરટેન્સીવ ડાયાબિટીસ મેલાઈટસ

205. મધ્યાહન ભોજન યોજનાની શરૂઆત ક્યારે થઈ હતી ?

(A) 1992
(B) 1995
(C) 2000
(D) 2004

206. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમમાં 4D એટલે શું ?

1. ડેવલોપમેન્ટલ ડીલે 2. ડીફેક્ટ એટ બર્થ 3. ડેફીસીયન્સી 4. ડીવોર્મિંગ 5. ડિસીસ

(A) 1, 2, 3, 4 (B) 1, 3, 4, 5

(C) 1, 2, 3, 5 (D) 2, 3, 4, 5

207. પૂરક આહારમાં શક્તિની માત્રા વધારવા શું ઉમેરી શકાય ?

(A) એક ચમચી ઘી (B) એક ઈંડુ

(C) શાકભાજીનો રસો (D) ફળોનો રસ

208. રાઈમાં ભેળસેળ કરવામાં આવતા દારૂડિના બી ની ઓળખ કેવી રીતે કરી શકાય ?

(A) દારૂડીના બી ગોળ હોય છે. (B) દારૂડીના બી ની સપાટી કકરી હોય છે.

(C) દારૂડીના બી નો અંદરનો રંગ પીળો હોય છે. (D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

209. દૂધ સંજીવની યોજનાનો મુખ્ય ઉદ્દેશ શો છે ?

(A) આદિજાતિ વિસ્તારના શાળાએ જતા બાળકોનું પોષણ સ્તર ઉંચુ લાવવું.

(B) ગુજરાતના બધાજ બાળકોનું પોષણ સ્તર ઉંચુ લાવવું.

(C) આદિજાતિ વિસ્તારની ગર્ભવતી મહિલાનું પોષણ સ્તર વધારવું.

(D) ગ્રામ્ય વિસ્તારની ગર્ભવતી મહિલાનું પોષણ સ્તર વધારવાનો.

210. આઈ.સી.ડી.એસ. માટેની ફૂડ સેફ્ટી ઓપરેશનલ માર્ગદર્શિકા મુજબ વ્યક્તિગત સ્વચ્છતા માટે કયુ સાચુ નથી ?

(A) નખ કાપેલા હોવા જોઈએ. (B) રાંધતી વખતે વીટી પહેરવી નહીં.

(C) નેઈલ પોલીશ કરવી નહીં. (D) ઘા પડેલો હોય તો હળદર લગાવવી.

211. ખાદ્યપદાર્થમાં સ્ટાર્ચની ભેળસેળ જાણવાની પદ્ધતિ કઈ છે ?

(A) ક્લોરીન ટેસ્ટ (B) પોટેશ્યમ ટેસ્ટ

(C) આયોડિન ટેસ્ટ (D) ફ્લોરીન ટેસ્ટ

212. બાળકને આહારમાં કયા પ્રકારનું પ્રોટીન આપવું હિતાવહ છે ?

(A) પૂર્ણ પ્રોટીન (B) અપૂર્ણ પ્રોટીન

(C) આંશિક પૂર્ણ પ્રોટીન (D) આંશિક અપૂર્ણ પ્રોટીન

213. મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત સરકાર અંતર્ગત તૈયાર કરવામાં આવેલ 'ટેક-હોમ-રાશન' શાનો સમાવેશ થતો નથી ?

(A) માતૃ શક્તિ (B) બાલ શક્તિ

(C) કિશોરી શક્તિ (D) પૂર્ણા શક્તિ

214. ઈન્દ્રધનુષ મિશનની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી ?

(A) ઓગષ્ટ 2014 (B) ડીસેમ્બર 2014

(C) જાન્યુઆરી 2015 (D) માર્ચ 2015

215. સ્ત્રીઓનાં કમર:નિતંબ ઘેરાવાનો ગુણોત્તર કેટલો હોય તો તે કેન્દ્રીય મેદસ્વીતા દર્શાવે છે ?

(A) 0.95 થી વધુ (B) 0.90 થી વધુ

(C) 0.85 થી વધુ (D) 0.80 થી વધુ

216. આઈ.સી.એમ.આર. (2011) મુજબ સાત થી નવ વર્ષ ના બાળકની દૈનિક પ્રોટીનની જરૂરિયાત કેટલી છે ?

(A) 25 ગ્રામ (B) 30 ગ્રામ

(C) 36 ગ્રામ (D) 41 ગ્રામ

217. બાળકના જન્મબાદ સ્તનપાનની શરૂઆત ક્યારે કરવી જોઈએ ?

(A) જન્મના એક કલાકની અંદર
(B) જન્મના 8 થી 24 કલાકની અંદર
(C) જન્મના એક દિવસ બાદ
(D) કોલ્સ્ટ્રોમ વહી ગયા બાદ

218. દૂધ સંજીવની યોજનામાં, દૂધમાં વિટામીન-એ નું કેટલા પ્રમાણમાં ફોર્ટીફીકેશન કરવામાં આવે છે ?

(A) 40 આઈ.યુ.
(B) 100 આઈ.યુ.
(C) 200 આઈ.યુ.
(D) 500 આઈ.યુ.

219. સામાન્ય રીતે દૂધમાં શેની ભેળસેળ જોવા મળતી નથી ?

(A) પાણી
(B) કૃત્રિમ રંગ
(C) ડીટરજન્ટ
(D) સ્ટાર્ચ

220. સૌથી ઓછા મૂલ્યમાં વાનગીનું લોહતત્ત્વ પ્રમાણ વધારવા માટે કયું સાચું છે ?

(A) વાનગીમાં તાજુ ખજૂર ઉમેરવું
(B) વાનગીમાં સરગવાના પાન ઉમેરવા
(C) વાનગીમાં બ્રોકોલી ઉમેરવું
(D) ઉપરોક્ત બધાજ

221. સામાન્ય બાળક માટે છાતી:માથા ઘેરાવાનો ગુણોત્તર કેટલો હોવો જોઈએ ?

(A) 0.5 થી ઓછો
(B) 2.0 થી વધુ
(C) 1.0 થી વધુ
(D) 1.0 થી ઓછો

222. નીચેના ખાદ્યપદાર્થોમાંથી કયુ સેમી પેરીશેબલ ખાદ્યપદાર્થ છે ?

(A) માછલી
(B) ઈંડા
(C) ખાંડ
(D) બટાકા

223. ફણગાવવાની પ્રક્રિયાથી કયા પોષકતત્વના પ્રમાણમાં વધારો થાય છે ?

(A) પ્રોટીન
(B) વિટામીન-સી
(C) વિટામીન-એ
(D) કાર્બોદિત પદાર્થ

224. અનાજમાં સૌથી વધુ સેલ્યુલોઝ કયા ભાગમાં રહેલા હોય છે ?

(A) જર્મ
(B) એન્ડોસ્પર્મ
(C) બ્રાન
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

225. વ્યક્તિનું પોષણ સ્તર સારૂ હોય તો નીચે પૈકી કયા લક્ષણો જોવા મળે છે ?

1. સારી રોગપ્રતિકારક શક્તિ
2. ચોખ્ખી અને ચમકદાર આંખો
3. ચમકદાર વાળ
4. સુવાળી ચામડી

(A) 1, 2, 3
(B) 2, 3, 4
(C) 1, 3, 4
(D) 1, 2, 3, 4

226. ફ્રીઝીંગ પ્રક્રિયાથી ખોરાકનો લાંબા સમય સુધી સંગ્રહ થઈ શકે છે. કારણ કે ..........

(A) તેમા રહેલા જીવાણુઓ નાશ પામે છે.
(B) તેમા રહેલ સૂક્ષ્મજીવાણુની વૃદ્ધિ અટકી જાય છે.
(C) તેમા રહેલા ઉત્સેચકોની ક્રિયા વધી જાય છે.
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

227. હિમ આર્યન ના સ્ત્રોત કયા-કયા છે ?

1. ઈંડુ  2. માછલી  3. માસ  4. આવાકાડો

(A) 1, 2, 3  (B) 1, 3, 4

(C) 2, 3, 4  (D) 1, 2, 3, 4

228. જો ફળ કાચું હોય તો તેમા પેકટીન તત્ત્વ કયા સ્વરૂપમાં હોય છે ?

(A) પેકટીન  (B) પ્રોટોપેકટીન

(C) પેકટીક એસિડ  (D) પેકટીનીટીન

229. અંત્યોદય અન્ન યોજના હેઠળ એક કિલો ઘઉં કેટલી કિંમતમાં આપવામાં આવે છે ?

(A) મફત  (B) 1 રૂા / કિલોગ્રામ

(C) 2 રૂા / કિલોગ્રામ  (D) 3 રૂા / કિલોગ્રામ

230. 20-39 વર્ષની સંદર્ભ સ્ત્રીનું વજન કેટલું હોય છે ?

(A) 45 કિ.ગ્રામ  (B) 50 કિ.ગ્રામ

(C) 55 કિ.ગ્રામ  (D) 60 કિ.ગ્રામ

231. ગર્ભવસ્થા દરમ્યાન અસામાન્ય વસ્તુઓ ખાવાની ઈચ્છાને શું કહેવાય ?

(A) એનોરેકઝીયા  (B) બુલીમીયા

(C) પીકા  (D) પોલીફેજીયા

232. જોખમી શિશુની ઓળખ માટે નીચે પૈકી કયું સુસંગત્ત નથી ?

(A) 2.5 કિ.ગ્રા. કરતા ઓછું વજન  (B) જન્મનો સમય

(C) સતત ત્રણ મહિના સુધી વજન ન વધવું  (D) પ્રોટીન શક્તિ કુપોષણ

233. દાડમમાં કયું રંગતત્ત્વ હોય છે ?

(A) એન્થોસાયનીન  (B) ફલેવોન

(C) કેટેચીન  (D) એન્થોઝેનથીન

234. બાળકમાં મેદસ્વીતા થવાના મુખ્ય કારણો કયા કયા છે ?

1. વધુ પ્રમાણમાં ફાસ્ટફૂડ ખાવા

2. વધુ પ્રમાણમાં ફળો ખાવા

3. વધુ સમય સુધી ટી.વી. જોવું

4. બહારની રમતો રમવી

(A) 1, 2  (B) 1, 3

(C) 1, 4  (D) 3, 4

235. ધાત્રી માતાને બાળકના જન્મ બાદ પહેલા છ માસ દરમ્યાન વધારાની કેટલી કેલરીની જરૂરિયાત હોય છે ?

(A) +200 કિલો કેલરી  (B) + 350 કિલો કેલરી

(C) + 450 કિલો કેલરી  (D) +550 કિલો કેલરી

236. જન્મ વખતે અને બાળકની પહેલી વર્ષગાંઠે તેના શારીરિક બંધારણમાં પાણીના ભાગમાં કેવો ફેરફાર જોવા મળે છે ?

(A) જન્મ વખતે 75% એક વર્ષે 70%  (B) જન્મ વખતે 70% એક વર્ષે 60%

(C) જન્મ વખતે 60% એક વર્ષે 70%  (D) જન્મ વખતે 70% એક વર્ષે 75%

237. કેલ્શિયમના શોષણ માટે કયા પરિબળો જવાબદાર છે ?

1. લેક્ટોઝ 2. વિટામીન ડી 3. વિટામીન સી 4. પ્રોટીનની માત્રા

(A) 2, 3, 4
(B) 1, 2, 3
(C) 1, 3, 4
(D) 1, 2, 4

238. તરૂણાવસ્થાની લાક્ષણિક્તાઓ કઈ છે ?

(A) શોખ કેળવવા
(B) પોતાના દેખાવ વિશે સભાનતા
(C) પોતાની સ્વતંત્ર ઓળખ કેળવવી
(D) ઉપરોક્ત બધીજ

239. અસ્થિછિદ્રતાના નિદાન માટે કયુ સાધન ઉપયોગી છે ?

(A) હિમોસાયટોમીટર
(B) ડ્યુઅલ એનર્જી એક્ષરે એબ્સોર્પીમીટર
(C) બોડી કમ્પોઝીશન એનલાઈઝર
(D) સ્પીંગોમેનોમીટર

240. સામાન્ય પુખ્તવયની સ્ત્રીની સાપેક્ષમાં ધાત્રીમાતાને કયા પોષકતત્ત્વોની જરૂરિયાત વધુ હોય છે ?

1. વિટામીન-એ 2. કેલ્શિયમ 3. લોહતત્ત્વ 4. થાયામીન

(A) 1, 2, 3, 4
(B) 2, 3, 4
(C) 1, 3, 4
(D) 1, 2, 4

241. માતાના દૂધમાં બહુઅસંતૃપ્તઃસંતૃપ્ત ફેટીએસિડનો ગુણોત્તર કેટલો હોય છે ?

(A) 1 : 2
(B) 1.2 : 1
(C) 1.5 : 1
(D) 1.4 : 2

242. કેચ-અપ ગ્રોથ એટલે શું ?

(A) શરીરમાં સૌથી ઝડપી વૃદ્ધિ થવાનો તબક્કો
(B) શરીરમાં વૃદ્ધિનો દર ઓછો થવાનો તબક્કો
(C) શરીરમાં તેની સામાન્ય વૃદ્ધિ તરફ પાછા વાળવાનો તબક્કો
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

243. નીચે પૈકી શેમાંથી ફક્ત કેલરી (એમ્પટી કેલરી) મળે છે ?

(A) રોટલી
(B) ઈડલી
(C) ફ્રુટ કસ્ટર્ડ
(D) શુગર કેન્ડી

244. ટાઈફોઈડ થાય ત્યારે આહારકીય સારવાર અંગે કયું સાચું છે ?

(A) પ્રોટીન વધુ માત્રામાં આપવું
(B) કાર્બોદિત પદાર્થ ઓછા આપવા
(C) રેસા વધારે આપવા
(D) ચરબી વધારે આપવી

245. એરીકસનના માનવ વૃદ્ધિ અને માનસિક વિકાસના વિવિધ તબક્કા અનુસાર જોડકા જોડો.

| I | II |
|---|---|
| 1. શિશુ અવસ્થા | a. આઈડેન્ટીટી રોલકફઝન |
| 2. પૂર્વશાળેય અવસ્થા | b. ઈન્સીવેટીવ ગીલ્ટ |
| 3. તરૂણ | c. ટ્રસ્ટ મસ્ટ્રસ્ટ |
| 4. પુખ્તવય | d. જનરેટીવીટી સ્ટેગનેશન |

(A) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(C) 1 - d, 2 - b, 3 - c, 4 - a
(D) 1 - c, 2 - a, 3 - b, 4 - d

246. ડાઉન સિન્ડ્રોમ શેના લીધે જોવા મળે છે ?

(A) બાળકમાં કુપોષણને લીધે
(B) જનીનિક ડિસઓર્ડરને લીધે
(C) પરંપરાગત કારણોને લીધે
(D) બાળકોમાં જોવા મળતા ડાયાબિટીસને લીધે

247. પ્રોટીન કેલરી કુપોષણના પ્રકારમાં ચંદ્ર જેવું મો (મૂનફેસ) જોવા મળે છે ?

(A) ક્વોશ્યરકર
(B) મરાસ્મસ
(C) મરાસ્મિક ક્વોશ્યરકર
(D) (A) અને (C) બંને

248. પોષણ અને સ્વાસ્થ્ય શિક્ષણના આયોજન માટેના પગલાને તબક્કાવાર ગોઠવો.

1. સમસ્યાની ઓળખ કરવી.
2. પ્લાન ઓફ એકશન બનાવવો
3. સમુદાયિક સભ્યો સાથે ચર્ચા કરવી
4. પોષણ અને સ્વાસ્થ્ય શિક્ષણના સંસાધનોનું મૂલ્યાંકન કરવું.

(A) 1, 2, 3, 4
(B) 1, 3, 4, 2
(C) 1, 2, 4, 3
(D) 1, 4, 3, 2

249. ફોલીફર ગોળી કઈ સ્થિતિમાં આપવામાં આવે છે ?

(A) આયોડિનની ઉણપથી થતા રોગમાં
(B) ઝીંકની ઉણપથી થતા રોગમાં
(C) કેલ્શિયમની ઉણપથી થતા રોગમાં
(D) લોહતત્ત્વની ઉણપથી થતા રોગમાં

250. ધાવણ સિવાયના બાટલીના આહારથી બાળકને કેવી અસર થઈ શકે છે ?

(A) સહેલાયથી પચી જાય છે.
(B) માતાના દૂધ કરતા વધુ પોષણ આપે છે તેથી બાળકની ઝડપથી વૃદ્ધિ થાય છે.
(C) ઝાડા અને અન્ય ચેપી રોગ થવાની સંભાવના રહે છે.
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

251. સબલા સ્કીમ હેઠળ કિશોરીઓને કઈ સેવાઓ પ્રાપ્ત છે ?

(A) લોહતત્ત્વ અને ફોલીક એસિડની ગોળીનું વિતરણ
(B) કેલ્શિયમની ગોળીનું વિતરણ
(C) પોષણ અને સ્વાસ્થ્ય અંગેનું શિક્ષણ
(D) (A) અને (C) બંને

252. પોષણ અભિયાનનું એક લક્ષ્ય દર વર્ષે સ્ટન્ટીંગની કેટલી ટકાવારી ઓછી કરવાનો છે ?

(A) 2%
(B) 3%
(C) 4%
(D) 5%

253. શિશુ મૃત્યુના કારણો કયા-કયા છે ?

1. શ્વસનતંત્રને લગતા રોગો 2. જન્મજાત ઉણપ 3. કુપોષણ 4. ચેપી રોગો

(A) 1, 2, 3, 4
(B) 1, 2, 4
(C) 1, 3, 4
(D) 1, 2, 3

254. ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ફોર ચાઈલ્ડહૂડ ઈલનેસ (IMCI) નું ભારતીય સંસ્કરણ કયા નામથી ઓળખાય છે ?

(A) ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ફોર ઈન્ફન્ટ ઈલનેસ
(B) ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ફોર નીઓનેટલ ઈલનેસ
(C) ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ફોર નીઓનેટલ એન્ડ ચાઈલ્ડહૂડ ઈલનેસ
(D) ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ફોર ઈન્ફન્ટ એન્ડ ચાઈલ્ડહૂડ ઈલનેસ

255. ત્રણ મહિનાના બાળકના જઠરની ક્ષમતા કેટલો ખોરાક સમાવવાની હોય છે ?
(A) 30 મિ.લિ.
(B) 60 મિ.લિ.
(C) 90 મિ.લિ.
(D) 120 મિ.લિ.

256. નીચે પૈકી કયુ સંદેશાવ્યવહારનું પરંપરાગત માધ્યમ નથી ?
(A) શેરી નાટક
(B) લોક ગીત
(C) ભીંત લખાણ
(D) ભવાઈ

257. જનની સુરક્ષા યોજનાનું અમલીકરણ શેના હેઠળ થાય છે ?
(A) પોષણ અભિયાન
(B) રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાન
(C) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અભિયાન
(D) ઈન્દ્રધનુષ અભિયાન

258. ICPS નું પૂરૂ નામ જણાવો.
(A) ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પોષણ સ્કીમ
(B) ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પ્રોગ્રેસીવ સ્કીમ
(C) ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પ્રોટેક્શન સ્કીમ
(D) ઈન્ડીયન ચાઈલ્ડ પ્રોટેક્શન સ્કીમ

259. ILA ના વૃદ્ધિ મૂલ્યાંકન મોડ્યુલ મુજબ, જો બાળકનું વજન પીળા ઝોનમાં આવે તો તેનો અર્થ શો થાય ?
(A) સામાન્ય
(B) મધ્યમ કુપોષિત
(C) અતિ કુપોષિત
(D) વધુ વજન

260. બાળકોમાં અવકાશ વિભાવના વિકાસ માટે કયું સાચું છે ?
(A) ભૌમિતિક આકારો
(B) સંબંધિત કદ
(C) દિશા
(D) ઉપરોક્ત બધાજ

261. પોષણ અભિયાન અંતર્ગત સામુદાયિક પ્રવૃત્તિઓના આયોજન માટેની માર્ગદર્શિકા મુજબ 9 થી 11 માસના બાળકને કેટલો આહાર આપવો જોઈએ ?
(A) 2-3 વાટકી પૂરક આહાર
(B) 3-4 વાટકી પૂરક આહાર
(C) 3-4 વાટકી પૂરક આહાર + 6 થી 7 વખત નાસ્તો
(D) 4-5 વાટકી પૂરક આહાર + 5 થી 6 વખત નાસ્તો

262. પૂરક પોષણના ભાવ સુધારા પ્રમાણે ગર્ભવતી સ્ત્રી અને ધાત્રીમાતા માટેના પૂરક પોષણનો સુધારેલો દર (પ્રતિ લાભાર્થી, પ્રતિ દિવસ) કેટલો છે ?
(A) રૂા. 9.50
(B) રૂા. 8.00
(C) રૂા. 10.00
(D) રૂા. 12.00

263. નીચે પૈકી કયા પરિમાણોની ચકાસણી ફોલીક એસિડની ઉણપ જાણવા માટે થાય છે ?
(A) સીરમ ફોલેટ
(B) આરબીસી ફોલેટ
(C) પ્લેટલેટ ફોલેટ
(D) (A) અને (B) બંને

264. જો માતાને બાળકની જન્મ તારીખની જાણ ના હોય તો બાળકની ઉમરનું મૂલ્યાંકન કેવી રીતે થઈ શકે ?
(A) જન્મ કુંડળીની મદદથી
(B) દૂધિયા દાંત આવ્યાની જાણકારીથી
(C) જન્મ વખતે કોઈ ખાસ તિથિ કે તહેવાર અંગેની માહિતીથી
(D) ઉપરોક્ત બધાજ

265. બાળકોમાં ધનુષાકાર પગ એ કયા વિટામીનની ઉણપની નિશાની છે ?
(A) વિટામીન - એ
(B) વિટામીન - ડી
(C) વિટામીન - ઈ
(D) વિટામીન - કે

266. હાઈપર પ્લેસીઆ એટલે શું ?
(A) કોષોના કદમાં વધારો (B) કોષોના કદમાં ઘટાડો
(C) કોષોની સંખ્યામાં વધારો (D) કોષોની સંખ્યામાં ઘટાડો

267. કોલસ્ટ્રોમ (ખીરૂ)માં પુખ્ત દૂધ કરતા કયા પોષક તત્ત્વનું પ્રમાણ વધુ હોય છે ?
(A) વિટામીન - એ (B) નાયાસીન
(C) વિટામીન બી-12 (D) રાઈબોફલેવીન

268. WHO મુજબ 5 - 19 વર્ષના બાળકોમાં મેદસ્વીતાના નિદાન માટે કયુ પરિણામ સૌથી યોગ્ય છે ?
(A) ઉંમરની સાપેક્ષમાં વજન (B) ઉંમરની સાપેક્ષ ઉંચાઈ
(C) ઉંમરની સાપેક્ષમાં બી.એમ.આઈ. (D) ઉંમરની સાપેક્ષમાં એમ.યુ.એ.સી.

269. નીચે પૈકી કયો રોગ/ઉણપ બાળકોમાં જોવા મળતો નથી ?
(A) પાંડુરોગ (B) એલર્જી
(C) દાંતનો સડો (D) અસ્થિછિદ્રતા

270. નેશનલ એઈડસ કન્ટ્રોલ પ્રોગ્રામની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી ?
(A) 1975 (B) 1987
(C) 1995 (D) 1999

271. પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના હેઠળ સ્ત્રીને આર્થિક સહાયનો ત્રીજો હિસ્સો ક્યારે મળે છે ?
(A) ગર્ભધારણના બીજા ટ્રાઈમેસ્ટરમાં (B) ગર્ભધારણના ત્રીજા ટ્રાઈમેસ્ટરમાં
(C) સગર્ભાવસ્થા દરમ્યાન મેડીકલ તપાસ વખતે (D) પ્રસુતિ થયા બાદ બાળકને પહેલી રસી મૂકાવ્યા પછી

272. આદિજાતિ વિસ્તારમાં શાળાએ જતી બાળાઓના વાલીને અનાજ વિતરણનો મુખ્ય હેતુ શો છે ?
(A) ખાદ્ય સુરક્ષા વધારવી (B) વાલીનું પોષણસ્તર ઉચું લાવવું
(C) ડ્રોપ આઉટ દર ઘટાડવો (D) બાળકીનું પોષણસ્તર વધારવું

273. લેટ-ડાઉન રિફલેક્ષ કઈ અવસ્થા દરમ્યાન જોવા મળે છે ?
(A) ગર્ભાવસ્થા (B) તરૂણાવસ્થા
(C) ધાત્રીવસ્થા (D) રજોનિવૃત્તિકાળ

274. માતા મૃત્યુના કારણો કયા-કયા છે ?
(A) ચેપ (B) અસ્થિછિદ્રતા
(C) ગર્ભાવસ્થા દરમ્યાન ટોક્ષેમીયા (D) (A) અને (C) બંને

275. રીપ્રોડકટીવ એન્ડ ચાઈલ્ડ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત RCH પેકેજના ઘટકો કયા-કયા છે ?
1. કુટુંબ નિયોજન 2. પ્રજનન માર્ગના ચેપની રોકથામ 3. પૂરક આહાર આપવો 4. એઈડસની રોકથામ
(A) 1, 2, 4 (B) 1, 2, 3
(C) 1, 3, 4 (D) 1, 2, 3, 4

276. મમતા દિવસની ઉજવણી કયા વારે કરવામાં આવે છે ?
(A) સોમવાર (B) મંગળવાર
(C) બુધવાર (D) ગુરૂવાર

277. લેટ નીઓનેટલ પીરીયડ નો સમયગાળો કેટલો હોય છે ?
(A) જન્મથી લઈને 28 દિવસ સુધીનો (B) જન્મના 7 દિવસથી 28 દિવસ સુધીનો
(C) જન્મના 2 દિવસથી 30 દિવસ સુધીનો (D) જન્મના 10 દિવસથી 30 દિવસ સુધીનો

278. પિઆઝેના બૌદ્ધિક વિકાસનો સેન્સરી-મોટર તબક્કો કયા વયજૂથમાં જોવા મળે ?

(A) જન્મથી દોઢ-બે વર્ષ સુધી

(B) દોઢ-બે વર્ષથી છ-સાત વર્ષ સુધી

(C) છ-સાત વર્ષથી અગિયાર-બાર વર્ષ સુધી

(D) અગિયાર-બાર વર્ષથી પુખ્તાવસ્થા સુધી

279. આઈ.સી.ડી.એસ. અંતર્ગત ત્રીજું ભોજન કોના દ્વારા બનાવવામાં આવે છે ?

(A) માતૃ/સખી મંડળ

(B) આંગણવાડી કાર્યકર

(C) તેડાગર બ્હેન

(D) આશા કાર્યકર

280. છ મહિનાના બાળકને પૂરક આહારની શરૂઆત કરાવવા માટે આંગણવાડીમાં કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) પૂરક આહાર દિવસ

(B) અન્નપૂર્ણા દિવસ

(C) અન્નપ્રાશન દિવસ

(D) મમતા દિવસ

281. ગર્ભાવસ્થા દરમ્યાન જોવા મળતા ઉક્ત રક્ત ચાપ અને પ્રોટીન યુરિયા શેના ચિન્હો છે ?

(A) એકલેમ્પસીયા

(B) જેસ્ટેશનલ ડાયાબિટીસ

(C) સ્પાઈના બાઈફીડા

(D) જેસ્ટેશનલ હાર્ટ ડિસઓર્ડર

282. માતા યશોદા એવોર્ડ હેઠળ જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી કાર્યકરને કેટલી એવોર્ડ રકમ આપવામાં આવે છે ?

(A) રૂા. 11,000

(B) રૂા. 21,000

(C) રૂા. 31,000

(D) રૂા. 51,000

283. શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ કયા બાળકોને આવરી લેવામાં આવે છે ?

(A) શાળાએ જતા 1-7 ધોરણના તમામ બાળકો

(B) શાળાએ ન જતા હોય એવા 0-14 વર્ષના બાળકો

(C) આંગણવાડીમાં જતા 0-6 વર્ષ સુધીના બાળકો

(D) ઉપરોક્ત બધાજ

284. ન્યુટ્રીકેન્ડી પોષણયુક્ત ચોકલેટ કોને આપવામાં આવે છે ?

(A) આંગણવાડીમાં જતા 3-6 વર્ષના બાળકોને

(B) કિશોરીઓને

(C) સરકારી શાળાના 1-7 ધોરણમાં ભણતા બાળકોને

(D) ગર્ભવતી સ્ત્રીઓને

285. ગર્ભાવસ્થા દરમ્યાન હિમોગ્લોબીનની કેટલી ટકાવારી મધ્યમ પાંડુરોગ દર્શાવે છે ?

(A) 11.0 - 11.9 ગ્રામ/ડે.લિ.

(B) 10.0 - 10.9 ગ્રામ/ડે.લિ.

(C) 8.0 - 10.9 ગ્રામ/ડે.લિ.

(D) 8.00 ગ્રામ ડે.લિ. કરતા ઓછું

286. ડ્રેમોન્સ્ટ્રેટીવ ફીડીંગનો મુખ્ય ઉદ્દેશ શો છે ?

(A) સ્તનપાનનો વ્યાપ વધારવાનો.

(B) 6 મહિનાથી 3 વર્ષના બાળક માટે ગુણવત્તાસભર.

(C) આંગણવાડી કાર્યકર દ્વારા ગર્ભાવસ્થા માટે પૌષ્ટિક વાનગીનું નિદર્શન કરવાનો.

(D) આંગણવાડી કાર્યકર દ્વારા લેકટોગોગસ ખાદ્યપદાર્થ યુક્ત વાનગીનું નિદર્શન કરવાનો.

287. સબલા સ્કીમના પૂરક પોષક ઘટક હેઠળ દરેક તરૂણીને કેટલું પ્રોટીન આપવામાં આવે છે ?

(A) 10-15 ગ્રામ

(B) 18-20 ગ્રામ

(C) 22-25 ગ્રામ

(D) 25-30 ગ્રામ

288. રાજીવગાંધી નેશનલ ફંડ સ્કીમ કયા બાળકો માટે છે ?

(A) 0-6 વર્ષના બધાજ બાળકો

(B) બધીજ કામ કરતી માતાઓના બાળકો

(C) ઓછી આવકવાળી કામકરતી માતાના 0-6 વર્ષના બાળકો

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

289. 6 મહિનાથી 3 વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને મહિનાદીઠ કેટલા પેકેટ આપવામાં આવે છે ?

(A) 5 પેકેટ (B) 7 પેકેટ

(C) 8 પેકેટ (D) 10 પેકેટ

290. એગમાર્ક નીચે પૈકી કઈ ખાદ્ય પેદાશો માટે વપરાય છે ?

1. ઈંડા 2. શાકભાજી અને તેની બનાવટો 3. મધ

(A) 1, 2, 3 (B) 2, 3

(C) 1, 2 (D) 1, 3

291. રાષ્ટ્રીય કૃમિનિવારણ દિવસે કયા વયજૂથમાં કૃમિનાશક દવા આપવામાં આવે છે ?

(A) 1 વર્ષ સુધીના શિશુઓને (B) 2 થી 6 વર્ષ સુધીના બાળકોને

(C) 1-19 વર્ષ સુધીના બાળકો અને તરૂણોને (D) ગર્ભવતી મહિલાઓને

292. કયા પ્રકારની ગર્ભાવસ્થા જોખમી કહેવાય ?

(A) તરૂણાવસ્થા દરમ્યાન ગર્ભ ધારણ થવો (B) કુપોષિત માતા

(C) અગાઉની સુવાવડમાં મૃત બાળકનો જન્મ (D) ઉપરોક્ત બધાજ

293. નવજાત શિશુઓ માટે વપરાતા APGAR સ્કોર મુજબ કેટલો કુલ અંક જોખમી સ્થિતિ દર્શાવે છે ?

(A) 0-3 (B) 6-7

(C) 7-10 (D) 10 થી વધુ

294. શિશુવસ્થામાં જોવા મળતા પીન્સર ગ્રાસ્પ એટલે શું ?

(A) અવાજ તરફ માથુ વાળવું (B) વસ્તુને આખી હથેલીની મદદથી પકડવી

(C) વસ્તુને અંગૂઠા અને આંગળીની મદદથી પકડવી (D) માથુ સીધૂ રાખવું

295. WIFS માટે નીચેનામાંથી કયો મુદ્દો સાચો છે ?

(A) લોહતત્ત્વ + ફોલીક એસિડ + ડીવોર્મિંગ (B) લોહતત્ત્વ + વિટામીન-સી

(C) લોહતત્ત્વ + કેલ્શિયમ + ડીવોર્મિંગ (D) લોહતત્ત્વ + કેલ્શિયમ

296. એક વાનગીનુ બીટાકેરોટીન પ્રમાણ 200 માઈક્રોગ્રામ છે, તો તેમાથી કેટલા આઈ.યુ. વિટામીન-એ પ્રાપ્ત થાય ?

(A) 33.33 આઈ. યુ. (B) 12.00 આઈ. યુ.

(C) 333.33 આઈ. યુ. (D) 120.00 આઈ. યુ.

297. ગર્ભાવસ્થા દરમ્યાન જો માતાને કેલ્શિયમની ઉણપ હોય તો કયુ ચિન્હ જોવા મળે છે ?

(A) સ્નાયુ ખેંચાણ (B) કીટોસીસ

(C) ઉક્ત રક્તચાપ (D) ઉપરોક્ત એક પણ નહિં

298. નીચે પૈકી કઈ પ્રવૃત્તિ પૂર્વશાળેય બાળકના નાના સ્નાયુના વિકાસ માટે સુયોગ્ય છે ?

(A) ખૂરશીને ધક્કો મારવો (B) દોડવું

(C) દોરીમાં મણકા પોરવવા (D) સીધી લીટી પર ચાલવું

299. ગાલપચોળિયા શેના લીધે થતો રોગ છે ?

(A) બેક્ટેરિયા

(B) વાયરસ

(C) ઝેરી ધાતુ

(D) પોષક તત્ત્વની ઉણપ

300. બાળસખા યોજના હેઠળ કયા બાળકોને વિના મુલ્યે નવજાત સંભાળની સેવા પ્રાપ્ત છે ?

(A) જે બાળકની માતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતી હોય.

(B) જે બાળકની માતા બી.પી.એલ. હેઠળ આવતી હોય.

(C) જે બાળકની માતાએ દવાખાનામાં પ્રસુતિ કરાવી હોય.

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં